| | | | | |
|---|---|---|---|---|
| GJRJ010009192019 | દાખલ તારીખ | ૧૫/૦૨/૨૦૧૯ | | |
| | રજીસ્ટર તારીખ | ૧૫/૦૨/૨૦૧૯ | | |
| | નિકાલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| | સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૭ | ૦૫ | ૧૫ |

## રાજકોટ જિલ્લાના ૫મા અધિક સેસન્સ જજ(શ્રીમતી પ્રિયંકા અગ્રવાલ) સમક્ષ, મું. રાજકોટ.

## સેશન્સ કેસ નં.૨૯/૨૦૧૯

## ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં.સી.–૨૦૦૧–૯૩ તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પરર્ફોમા મુજબ

## FORM–A

| રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુ.ર.નં.૬૬/૨૦૧૮<br>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર<br>**સુનીલભાઇ અશોકભાઇ કુબાવત–મૂળ ફરિયાદી** |
| ફરિયાદી તરફે | વિદ્વાન એ.પી.પી.શ્રી પી.એન. શાહ |
| આરોપી | **સન્ની રમેશભાઇ પવાર,**<br>ઉ.વ.૨૧,<br>રહે.નવા થોરાળા મેઇન રોડ,<br>સાધુ સમાજના સ્મશાન પાસે,<br>બાપા સીતારામનગર શેરી નં.૪,<br>રાજકોટ. |
| આરોપી તરફે | વિદ્વાન વકીલશ્રી આર. બી. મકવાણા |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૭–૦૬–૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૮–૦૬–૨૦૧૮ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | તા.૦૭–૦૯–૨૦૧૮ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા.૧૬–૧૦–૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૩–૧૨–૨૦૨૧ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા.૨૭–૦૭–૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | તા.૩૧–૦૭–૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | તા.૩૧–૦૭–૨૦૨૬ |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **સન્ની રમેશભાઇ પવાર** | ૦૮/૦૬/૨૦૧૮ | ૦૧/૧૦/૨૦૧૮ | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | ઇ.પી.કો. કલમ–૩૦૭ ને બદલે ૩૨૪, ૧૧૪ માં સજા, ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ માં નિર્દોષ | આખરી હુકમ મુજબ | ૦૮/૦૬/૨૦૧૮ થી ૦૧/૧૦/૨૦૧૮ |

**FORM-C**

**–:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–**

| અ. નં. | આંક | –ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો /સાહેદનું નામ | સાહેદની વિગત | સમર્થક/વિમુખ |
|---|---|---|---|---|
| ૧ | ૧૪ | સુનીલભાઇ અશોકભાઇ કુબાવત | ફરિયાદી/ઇજા પામનાર | સમર્થક |
| ૨ | ૨૫ | લીલાભાઇ અમૃતભાઇ સીરોયા | પંચસાહેદ | વિમુખ |
| ૩ | ૩૨ | કલ્પેશભાઇ રાજુભાઇ સભાડ | પંચસાહેદ | વિમુખ |
| ૪ | ૩૫ | ડો.હર્ષદભાઇ અમૃતલાલ દુસરા | મેડીકલ ઓફીસર | સમર્થક |
| ૫ | ૪૨ | ફીરોઝખાન અબ્દુલખાન યુસુફજઇ | સર્કલ ઇન્સપેકટર | સમર્થક |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ૫૨ | ચૈતન્ય જશવંતભાઇ કરથીયા | સાયન્ટીફીક ઓફીસર | સમર્થક |
| ૭ | ૫૭ | પરેશભાઇ રમેશભાઇ રાઠોડ | પંચસાહેદ | વિમુખ |
| ૮ | ૬૧ | નીતેશ ધનજીભાઇ ઝાલા | પંચસાહેદ | વિમુખ |
| ૯ | ૬૪ | મહેશભાઇ રામજીભાઇ કુમારખાણીયા | નજર સાહેદ | વિમુખ |
| ૧૦ | ૭૩ | બળવંતભાઇ પ્રભાતભાઇ સોનારા | ત.ક.અ. | સમર્થક |
| ૧૧ | ૭૬ | પરેશકુમાર દાનસીંગભાઇ જાદવ | ત.ક.અ. | સમર્થક |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** |
|---|---|---|
| – | – | – |

| **આંક** | **–:: ફરિયાદ પક્ષના દસ્તાવેજી પુરાવાનું વર્ણન ::–** |
|---|---|
| ૧૫ | ફરિયાદ |
| ૨૬ | ઈજા પામનારની શરીર સ્થિતિનું તેમજ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે લીધાનું પંચનામુ |
| ૨૭ | મુદ્દામાલ આર્ટીકલ એ સાથેની સ્લીપ |
| ૩૩ | સ્થાનીક જગ્યાનું પંચનામુ |
| ૩૬ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૩૭ | લોહીના નમુના લીધાની યાદી |
| ૪૩ | સ્થાનીક જગ્યાનો નકશો |
| ૪૪ | સ્થાનીક જગ્યાનો નકશો બનાવવાની પોલીસ યાદી |
| ૫૩ | સ્થળ વીઝીટ કરવાની યાદી |
| ૫૪ | સ્થળ પરીક્ષણનો રીપોર્ટ |
| ૫૮ | આરોપીની અટક કર્યાનું, કપડા કબ્જે લીધાનું તેમજ ગુનામાં ઉપયોગ થયેલ |

| | |
|---|---|
| | છરી કબ્જે લીધાનું પંચનામુ |
| ૫૯ | મુદ્દામાલ આર્ટીકલ ૭(જી) સાથેની સ્લીપ |
| ૬૦ | મુદ્દામાલ આર્ટીકલ ૭(એચ) સાથેની સ્લીપ |
| ૭૪ | બ્લડ સેમ્પલ લેવાની પોલીસ યાદી |
| ૭૭ | ગુનો રજી. કરવાની યાદી |
| ૭૮ | ભારે ગુનાનો રીપોર્ટ |
| ૭૯ | ઈજા પામનારનું મેડી. સર્ટી. આપવાની પોલીસ યાદી |
| ૮૦ | ઈજા પામનારનું લોહીનું સેમ્પલ લેવાની યાદી |
| ૮૧ | ઈજા પામનારનું ડી.ડી. લેવા માટે એકજી.મેજી.ને કરેલ યાદી |
| ૮૨ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૮૩ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળી ગયાની પહોંચ |
| ૮૪ | એફ.એસ.એલ.ને મુદ્દામાલનું પૃથ્થકરણ કરી અભિપ્રાય આપવા લખેલ યાદી, રવાનગી નોંધ વિ. |
| ૮૫ | લોહીના નમુના લીધાની પહોંચ |
| ૮૬ | તપાસનો ડેપ્યુટ હુકમ |

| અ. નં. | આંક | –:: <u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજોનું વર્ણન</u> ::– |
|---|---|---|
| – | – | – |
| **અ. નં.** | **આંક** | **–:: <u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજોનું વર્ણન</u> ::–** |
| – | – | – |

| –:: <u>મુદ્દામાલની વિગત</u> ::– | | |
|---|---|---|
| **<u>મુદ્દામાલ પાવતી નં. ૧૩૬/૨૦૧૮</u>** | | |
| **અ.નં.** | **આર્ટીકલ નં.** | **<u>મુદ્દામાલની વિગત</u>** |
| **૧** | **એ** | ફરિયાદીના ટી–શર્ટ અને પેન્ટ |

| <u>મુદ્દામાલ પાવતી નં.૧૩૭/૨૦૧૮</u> | | |
|---|---|---|
| **અ.નં.** | **આર્ટીકલ** | **<u>મુદ્દામાલની વિગત</u>** |

| | નં. | |
|---|---|---|
| ૧ | બી | પથ્થર પરથી લીધેલ કોટન થ્રેડ |
| ૨ | સી | ગટરના ઢાંકણા પરથી લીધેલ કોટન થ્રેડ |
| ૩ | ડી | ફુટપાથ પરથી લીધેલ કોટન થ્રેડ |
| ૪ | ઇ | રોડ પરથી લીધેલ કોટન થ્રેડ |
| ૫ | એફ | કંટ્રોલ સેમ્પલ |

| <u>મુદ્દામાલ પાવતી નં.૧૩૮/૨૦૧૮</u> | | |
|---|---|---|
| અ.નં. | આર્ટીકલ નં. | <u>મુદ્દામાલની વિગત</u> |
| ૧ | જી | આરોપીએ પેહરેલ શર્ટ |
| ૨ | એચ | છરી |

| <u>મુદ્દામાલ પાવતી નં.૧૪૪/૨૦૧૮</u> | | |
|---|---|---|
| અ.નં. | આર્ટીકલ નં. | <u>મુદ્દામાલની વિગત</u> |
| ૧ | આઇ | જુવેનાઇલે પહેરેલ શર્ટ અને પેન્ટ |

## <u>ચુ કા દો</u>

(૧) આ કામના આરોપી સામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી એ આંક–૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવેલ છે, જે પરત્વે આરોપીનું તે જ દિવસે નિવેદન નોંધવામા આવેલ છે જેમાં આરોપીએ પોતાને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે.

(૨) **ફરિયાદ પક્ષના કેસની ટુંકી વિગતઃ–**

ફરિયાદી સુનીલભાઇ અશોકભાઇ કુબાવત ઉ.વ.૨૭ કે જેઓ રાજકોટ મુકામે રહે છે, તેઓએ તા.૦૮/૦૬/૨૦૧૮ નારોજ ફરિયાદ આપી જણાવેલ છે કે,

તા.૦૭/૦૬/૨૦૧૮ ના રાત્રિના સાડા નવેક વાગ્યે તેઓ તથા તેમનો મિત્ર મહેશ ચુનારાવાડ ચોક પાસે ડાભી હોટલ બરફના કારખાને બેઠેલ હતા અને બીજા લોકો પણ ત્યાં બેઠેલ હતા ત્યારે વિજય નાથાભાઈનો છોકરો બાઠીયો(જુવેનાઇલ) તથા સન્ની(આરોપી) બંને તેઓ પાસે આવેલ અને ભુંડી ગાળો બોલેલ અને સન્ની એ કહેલ કે, "તુ ભડવો છે " જેથી તેઓએ કહેલ કે, "તમો બંને મને ગાળો શું કામ બોલો છો?" તો આરોપીએ તેમજ જુવેનાઇલે તેઓની સાથે જપા જપી કરી, સન્નીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી, ખુન્નસથી ફરિયાદીને મારી નાખવાના ઈરાદે જમણા પડખામાં છાતી પાસે છરીનો ઘા મારતા તેઓ નીચે પડી ગયેલ અને આરોપી તથા જુવેનાઇલ ત્યાંથી ભાગી ગયેલા. તેઓને છાતી પડખામાંથી લોહી નીકળવા લાગેલ, જેથી તેમનો મિત્ર મહેશ તેમને મોટર સાયકલમાં પાછળ બેસાડીને ગુંદાવાળી દવાખાને લઈ ગયેલ પરંતુ, તેઓને વધારે લોહી નીકળતુ હોય, રાજકોટ સરકારી દવાખાને મોકલવામા આવેલ અને ફોનથી તેમની માતાને જાણ કરતા તેમની માતા, ભાઈ સાગર અને સાગરનો મિત્ર નિતેશ પણ દવાખાને આવી ગયેલા, જેથી તેઓએ તેમને બનાવની વાત કરેલ.

ફરિયાદીએ વધુમા ફરિયાદમાં જણાવેલ છે કે, તેઓને છરીનો ઉંડો ઘા વાગી ગયેલ હોય તેમનું ઓપરેશન કરવામા આવેલ છે અને ડોકટરે તેમને ગંભીર ઘા હોવાનું જણાવેલ. જેથી આરોપી તથા જુવેનાઇલ સામે ધોરણસર થવા ફરિયાદ નોંધાવેલ.

(૩) ઉપરોક્ત બનાવની ફરિયાદ જાહેર થતા, ગુનો દાખલ કરવામાં આવેલ. આરોપીને અટક કરવામા આવેલ અને તપાસના અંતે પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. જે ફો.કે.નં.૧૦૬૪૭/૨૦૧૮ થી નોંધવામાં આવેલ અને સદર કેસને, સેશન્સ અદાલત, રાજકોટ તરફ કમીટ કરીને સેશન્સ કેસ નં.૨૯/૨૦૧૯ થી રજીસ્ટરે કરવામા આવેલ છે.

(૪) આ કામે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક-૮૭ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો અને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ

જવાબ લેવામાં આવેલો જેમાં આરોપીએ આ કામે રજુ થયેલ પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓએ અગાઉ ફરિયાદ કરેલ હોય જેનો ખાર રાખી હાલની ફરિયાદ ઉભી કરેલ છે. તેઓએ કોઈ ગુનો કરેલ નથી. ખોટી ફરિયાદના આધારે તેમને ફીટ કરવામા આવેલ છે. આારોપી તરફે કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી કે પોતે કોઈ પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એન. શાહે રજૂઆત કરતાં જણાવેલ છે કે, આ કામની ફરીયાદ ઈજા પામનારે, આરોપીના નામજોગ આપેલ છે. તેઓએ પોતાની સોગંદપરની જુબાનીમાં આંક–૧૫ વાળી ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારી પુરાવો આપેલ છે. તેઓએ પોતાની જુબાનીમા તેઓને કરવામા આવેલ ઈજાનું જે વર્ણન જણાવેલ છે તેને, આંક– ૩૫ થી તપાસવામા આવેલ ડોકટરની જુબાનીથી તેમજ આંક–૩૬ થી રજૂ મેડીકલ સર્ટીફીકેટથી સમર્થન મળે છે. ફરિયાદીએ પોતાની જુબાની દરમ્યાન ગુનામાં ઉપયોગ થયેલ છરી તેમજ પોતે બનાવ સમયે પહેરેલ કપડા ઓળખી બતાવેલ છે. વધુમાં, ફરિયાદીએ કોર્ટ રૂબરૂ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. એ હકીકત છે કે, બનાવ નજરે જોનાર મહેશભાઈએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી પરંતુ, ફરિયાદ પક્ષના કેસ મુજબ સાહેદ મહેશભાઈ, ફરિયાદી અને આરોપી ત્રણેય મિત્રો થતા હતા તે સંજોગોમાં સાહેદ મહેશભાઈએ, પોતાના મિત્ર એવા આરોપીને મદદરુપ થવા માટે તેઓની વિરૂદ્ધ પુરાવો આપેલ ન હોય તેટલા માત્રથી ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જતો નથી. નામદાર સુપ્રિમ કોર્ટે અનેક ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે કે, એકમાત્ર ઈજા પામનારનો પુરાવો ભરોસાપાત્ર અને વિશ્વસનીય જણાઈ આવે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આ કેસમાં તમામ પોલીસ સાહેદોએ પોતે આ ગુનાના કામે કરેલ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે અને તેઓની જુબાનીમાં તમામ દસ્તાવેજો યોગ્ય રીતે આંકે પડેલ છે. આરોપી પાસેથી તેઓના કપડા તેમજ છરી પંચનામાની વિગતે કબ્જે થયેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ ફરિયાદીના કપડા ઉપર, બનાવ સ્થળેથી તેમજ આરોપીના કપડા ઉપર ઈજા પામનારનું બ્લડ મળી આવેલ છે.આમ,

એફ.એસ.એલ.ના પુરાવાથી પણ ઈજા પામનારના પુરાવાને સમર્થન મળેલ છે. આમ, ફરિયાદ પક્ષે રજૂ તમામ સાહેદોનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આરોપીએ બનાવના દિવસે અને સમયે હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી પોતાના હાથમાં છરી ધારણ કરી, બનાવ સ્થળે આવી ફરિયાદી સાથે ગાળાગાળી કરી, જપા જપી કરી, ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે તેઓના જમણા પડખાના ભાગે ગંભીર જીવલેણ ઈજા પહોંચાડેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી કડક સજા કરવા રજૂઆત કરેલ છે.

(૫.૧) ફરિયાદ પક્ષે પોતાની રજૂઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજૂ રાખેલ છેઃ (૧)અદાલત યાદવ વિગેરે વિ. સ્ટેટ ઓફ બિહાર (ક્રિમીનલ અપીલ નં. ૧૭૮૮–૧૭૮૯/૨૦૧૯, ફે.તા.૨૨/૪/૨૬), (૨)શ્રી ચીકી ગોડા વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા (ક્રિમીનલ અપીલ નં. ૫૪૧–૫૪૩/૨૦૧૫, ફે.તા.૭/૧૦/૨૦૨૫), (૩)બાલુ સુદામ ખાલદે અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (ક્રિમીનલ અપીલ નં. ૧૯૧૦/૨૦૧૦, ફે.તા.૨૯/૩/૨૦૨૩), (૪)ઘનશ્યામ મંડલ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૨૬ લાઇવ લો(સુ.કો.) ૨૦૧), (૫)સ્ટેટ થ્રુ ધ ઇન્સપેકટર ઓફ પોલીસ વિ. લાલી ઉર્ફે મનીકંદન અને બીજાઓ (૨૦૨૨ લાઇવ લો(સુ.કો.) ૮૫૧), (૬) ઓમપાલ એન્ડ અધર્સ વિગેરે વિ. સ્ટેટ ઓફ યુ.પી. (ક્રિમીનલ અપીલ નં.૧૬૨૪/૨૦૨૧, ફે.તા.૨૮/૧૦/૨૫), (૭)સ્ટેટ ઓફ યુ.પી. વિ. કિશનચંદ (એઆઇઆર ૨૦૦૪ સુ.કો. ૪૬૭૧), (૮)અબ્દુલ સૈયદ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ (ક્રિમીનલ અપીલ નં.૧૨૪૩/૨૦૦૭, ફે.તા.૧૪/૦૯/૨૦૧૦), (૯)દશરથ ઉર્ફે જોલો વિ. સ્ટેટ ઓફ છતીસગઢ (એઆઇઆર ૨૦૧૮ સુ.કો. ૧૧૩૩), (૧૦)સ્ટેટ ઓફ યુ.પી. વિ. નરેશ (૨૦૧૧ એઆઇઆર એસસીડબલ્યુ ૧૮૭૭), (૧૧)યોગેશસિંઘ વિ. મહાવીરસિંઘ(ક્રિમીનલ અપીલ નં.૧૪૮૨/૨૦૧૩, ફે.તા.૨૦/૧૦/૧૬), (૧૨) રબારી જીવાભાઈ મુનાભાઈ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (ક્રિમીનલ અપીલ નં.૬૪૫/૨૦૦૫, ફે.તા.૧૨/૫/૨૦૧૧),

(૧૩)રામેશ્વરસિંઘ વિ. સ્ટેટ (ક્રિમીનલ અપીલ નં.૫૦૧/૧૯૮૫, ફે.તા.૧૯/૩/૨૦૨૬), (૧૪) બાલરાજે ઉર્ફે ત્રીમ્બક વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર((૨૦૧૦) ૩ સીજીએલજે ૧૦૫), (૧૫)મનોદત અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ઉતર પ્રદેશ (એઆઇઆર ઓનલાઇન ૨૦૧૨ સુ.કો. ૨૫), (૧૬)ક્રિષ્ના મોચી વિ. સ્ટેટ ઓફ બિહાર (એઆઇઆર ૨૦૦૨ સુ.કો. ૧૯૬૫), (૧૭) ચિતરલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન (એઆઇઆર ૨૦૦૩ સુ.કો. ૩૫૯૦), (૧૮)ગજુ વિ. સ્ટેટ ઓફ ઉતરાખંડ (ક્રિમીનલ અપીલ નં. ૧૮૫૬/૨૦૦૯, ફે.તા.૧૩/૯/૨૦૧૨), (૧૯)નામદેવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (ક્રિમીનીલ અપીલ નં. ૯૧૪/૨૦૦૬, ફે.તા.૧૩/૩/૨૦૦૭), (૨૦)એસ. કે. ખાજા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (ક્રિમીનલ અપીલ નં. ૧૧૮૩/૨૦૧૧, ફે.તા.૨૩/૮/૨૩), (૨૧) સદાકત કોટવાર અને બીજાઓ વિ. ધ સ્ટેટ ઓફ ઝારખંડ( ક્રીમીનલ અપીલ નં.૧૩૧૬/૨૦૨૧, ફે.તા.૧૨/૧૧/૨૦૨૧)

ફરિયાદ પક્ષ તરફે ઘણા બધા ચુકાદાઓ રજૂ થયેલ હોય તે તમામ ચુકાદાની વિસ્તૃત ચર્ચા કરી આ ચુકાદાને લંબાવવો જરૂરી જણાતુ નથી પરંતુ, તમામ ચુકાદા અમોએ વંચાણે લીધેલ છે.

(૬) જયારે આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી આર. બી. મકવાણાએ એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ ખુબજ મહત્વના એવા બનાવ નજરે જોનાર સાહેદ મહેશભાઇ કુમારખાણીયાએ બનાવ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ફરિયાદીએ પોતાની સમગ્ર જુબાનીમાં મોટીવ સંબંધે લેશમાત્ર પુરાવો આપેલ નથી. ફરિયાદીના પુરાવા મુજબ તેઓ બનાવ બાદ બેભાન થઇ ગયેલ હતા અને તા.૦૮/૦૬/૨૦૧૮ ના વહેલી સવારે ૪–૦૦ વાગ્યે ભાનમાં આવેલ, જયારે આંક–૧૫ વાળી ફરિયાદ તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ રાત્રીના ૧–૩૦ વાગ્યે ફરિયાદીએ જાતે લખાવેલ છે જે શકય નથી જેથી ફરિયાદ જ શંકાસ્પદ બની જાય છે. તેઓની વધુમા દલીલ છે કે, ફરિયાદીની સારવાર કરનાર ડો.હર્ષદભાઇ દુસરાના પુરાવા મુજબ તેઓએ ફરિયાદીને તપાસેલ ત્યારે તેઓ સંપૂર્ણ ભાનમાં હતા અને જાતે હીસ્ટ્રી આપેલ અને ફરિયાદી અને આરોપીઓ મિત્રો હતા તેમ છતાં આંક–૩૫ ના મેડીકલ

સર્ટીફીકેટમાં ઈજા પામનાર ઈસમોના નામ ફરિયાદીએ જણાવેલ નથી તેમજ કયા હથિયાર થી ઈજા કરવામા આવેલ તે પણ જણાવેલ નથી, જેથી મેડીકલ હીસ્ટ્રી પણ શંકાસ્પદ બની રહે છે. તેઓની વધુમા દલીલ છે કે, આ કેસમાં કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામા આવેલ નથી. આરોપીની અટક, મુદ્દામાલ રીકવરી, ફરિયાદીના કપડા કબ્જે લીધાના તેમજ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય, પંચનામાઓ ભારતીય પુરાવા અધિનિયમ મુજબ પુરવાર થયેલ ગણી શકાય નહિ તેમજ મુદ્દામાલ હથિયાર ઉપરથી લોહીના નિશાન મળી આવેલ ન હોય તેમજ મુદ્દામાલ હથિયારની રીકવરી કાયદા મુજબ પુરવાર થયેલ ન હોય તેથી પણ ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. વધુમા, તેઓની રજૂઆત છે કે, ફરિયાદીના પુરાવા મુજબ  જુવેનાઈલ સામેના કેસમાં તેઓએ જુબાની આપેલ છે અને જુવેનાઈલ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે, જેથી ફરિયાદીએ હાલના આરોપી પાસેથી એકમાત્ર પૈસા પડાવવા માટે આ કેસ કરેલ હોય, ફરિયાદીના પુરાવાને બનાવ નજરે જોનાર સાહેદના પુરાવાથી સમર્થન મળેલ ન હોય, ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને તેમની સામેના આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) આ કામે બંને પક્ષોની રજૂઆતો તેમજ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતાં, સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,  આરોપી, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા  ફરીયાદી મિત્રો થતા હતા પરંતુ, એકાદ માસ પહેલા વિનોદભાઈ શાયર નામના માણસ સાથે આરોપી સન્નીને માથાકુટ થયેલ હોય, તેમ છતાં  ફરીયાદી આ વિનોદભાઈ શાયર સાથે બેસતા ઉઠતા હોય, જેનું મનદુઃખ રાખી, તા.૭/૦૬/૧૮ ના કલાક ૨૧-૩૦ વાગ્યે રાજકોટ ખાતે ચુનારાવાડ રોડ, ડાભી હોટલ પાસે, બરફના કારખાના પાસે ફરિયાદી અને તેના મિત્ર મહેશભાઈ બેઠા હતા ત્યારે આરોપી તથા

કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે, મોટર સાયકલથી આવી, ફરીયાદીને ગાળો આપેલ જેથી ફરિયાદીએ તેઓને ત્યાંથી જતા રહેવાનું કહેતા, તેઓ સાથે બોલાચાલી કરી, જપા–જપી કરી, ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી આરોપીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી, ફરીયાદીને મારી નાખવાના ઈરાદે તેઓના જમણા પડખામાં વાંસાના ભાગે એક જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કરી, ઇ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૩ સાથે વાંચતા કલમ– ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત દિવસે અને સમયે આરોપીએ જુવેનાઇલ સાથેની મદદગારીમાં બનાવ સ્થળે આવી, ઉશ્કેરાઇ જઇ, ફરિયાદીને "તુ કેમ અમારી ભડવાઇ કરે છે" તેમ બોલી બીભત્સ ગાળો આપી, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૩. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીએ જાહેરમાં પોતાના હાથમાં પ્રતિબંધીત હથિયાર છરી ધારણ કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૪. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧– ઇ.પી.કો.કલમ–૩૦૭ ના બદલે ૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ અન્વયે અંશતઃ હકારમાં**
**ઇ.પી.કો. કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ અન્વયે નકારમાં**

**મુદ્દા નં.૨– નકારમાં.**
**મુદ્દા નં.૩– નકારમાં.**
**મુદ્દા નં.૪– આખરી હુકમ મુજબ.**

**કા ર ણો**

(૯) **મુદ્દા નં.૧ :**

આ કામે ફરીયાદ પક્ષ તરફે તેઓનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**–:: પંચસાહેદો નો પુરાવો તથા તેની ચર્ચા::–**

(૧૦) ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ તરીકે લીલાભાઇ અમૃતભાઇ સીરોયાને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે આ સાહેદ આંક–૨૬ ઇજા પામનારની શરીર સ્થિતિના તથા તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે લીધાના પંચનામાના પંચ સાહેદ છે તેઓએ તેમની સરતપાસમાં આંક–૨૬ ના પંચનામામાં તેમજ આંક–૨૭ થી રજૂ મુદામાલ આર્ટીકલ નં.(એ) ની સ્લીપમા સહી કર્યા સિવાયની હકીકતોનો ઇન્કાર કરેલ છે. જેથી તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરાવી, વિ.એ.પી.પી.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલ કાગળોમાં મારી સહી લીધેલી, તે સિવાય અન્ય કાઇં હુ જાણતો નથી.

(૧૧) ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ તરીકે કલ્પેશભાઇ રાજુભાઇ સભાડને આંક–૩૨ થી તપાસેલ છે. આ પંચસાહેદ આંક–૩૩ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ તેમની સર તપાસમાં પોલીસના કહેવાથી સહી કરી આપેલી તે સિવાય કાંઇ જાણતા નહિ હોવાનું તેમજ તેઓ કોઇ બનાવવાળી જગ્યાએ ગયેલ નહિ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ પંચસાહેદે આંક–૩૩ ના પંચનામામાં સહી કર્યા સિવાયની હકીકતોનો ઇન્કાર કરેલ છે. જેથી તેઓને ફરીયાદ પક્ષેથી ફરી ગયેલ જાહેર કરાવી, વિ.એ.પી.પી.શ્રીએ

વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલી છે જેમાં તેઓએ સ્વીકારેલ છે કે પોલીસે તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી તે સિવાય હુ કાઈ જાણતો નથી.

(૧૨) ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ તરીકે પરેશભાઇ રમેશભાઇ રાઠોડને આંક–૫૭ થી તથા સાહેદ નં.૮ તરીકે નીતેશ ધનજીભાઇ ઝાલાને આંક–૬૧ થી તપાસેલ છે. આ બંને પંચસાહેદો આંક–૫૮ થી રજૂ આરોપીની અટક, બનાવ સમયે પહેરેલ કપડા તથા ગુનામાં ઉપયોગ કરેલ છરી કબ્જે લીધાના પંચનામાના પંચ સાહેદો છે. આ બન્ને સાહેદોએ તેમની સર તપાસમાં પોલીસના કહેવાથી તૈયાર લખેલ કાગળો ઉપર સહી કરી આપેલી તે સિવાય કાંઇ જાણતા નહિ હોવાનું તેમજ તેમની રૂબરૂમાં આરોપીની અટક કરેલ હોય કે મુદ્દામાલ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નહિ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ પંચસાહેદોએ આંક–૫૮ ના પંચનામામાં તેમજ આંક–૫૯ ની મુદામાલ આર્ટીકલ–૭(જી) તથા આંક–૬૦ ની મુદામાલ આર્ટીકલ–૭(એચ) ની સ્લીપમા સહી કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે. જેથી આ બન્ને પંચ સાહેદોને ફરીયાદ પક્ષેથી ફરી ગયેલ જાહેર કરાવી, વિ.એ.પી.પી.શ્રીએ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

**<u>–:: ઈજા પામનાર તથા બનાવ નજરે જોનાર સાહેદોનો પુરાવો તથા તેની ચર્ચા::–</u>**

(૧૩) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે સુનીલભાઇ અશોકભાઇ કુબાવતને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ બનાવમાં ઈજા પામનાર છે. આ કામની ફરિયાદ પણ તેઓએ આપેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ અને તેમનો મીત્ર મહેશ ડાભી હોટેલ, ચુનારાવાડ ચોક પાસે બરફની દુકાન પાસે રાત્રિના સાડા નવેક વાગ્યે બેઠા હતા ત્યારે સન્ની અને બાઠીયો(જુવેનાઇલ) નામના બે વ્યક્તિઓ તેમની પાસે આવેલા અને તેઓ સાથે ગાળા ગાળી કરવા લાગેલ. જેથી તેમણે કહેલુ કે, " તુ અહીથી જા નહીતર તારા ભાઇને હુ કહી દઈશ" આવુ કહેતા તેઓ બંને, ફરિયાદી સાથે

ઝપાઝપી કરવા લાગેલા અને સન્ની પાસે જે છરી હતી તેનાથી તેમને પડખામાં ઘા મારેલ, જેથી તેઓ નીચે પડી ગયેલ અને આરોપી અને જુવેનાઇલ બંન્ને ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ તેમને, તેમનો મીત્ર મહેશ ગુંદાવાડી દવાખાને લઇ ગયેલો. ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલ.

વધુમા તેમણે સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવની જાણ તેમના મિત્ર મહેશે, તેઓના ભાઇ સાગરને ફોનથી કરેલી. જેથી તેઓની માતા અને ભાઇ સાગર રાજકોટ સિવિલ હોસ્પીટલે આવેલા અને તેમનું ત્યાં ઓપરેશન કરવામાં આવેલુ.

ઉપરોકત સાહેદે કોર્ટ રૂબરૂ હાજર આરોપીને પોતાને છરી મારેલ વ્યક્તિ તરીકે નામજોગ ઓળખી બતાવેલ છે.

ઉપરોકત સાહેદને કોર્ટ રૂબરૂ મુદ્દામાલ આર્ટીકલ "એચ" શીલ બંધ કાપડની બેગીમાંથી નીકળેલ એક ખુલ્લી આશરે ૧૧ ઇંચ લંબાઇની છરી બતાવતા આ જ છરીથી આરોપી સન્નીએ તેમને માર મારેલ તેવુ જણાવેલ છે.

સાહેદે વધુમા સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવની ફરીયાદ તેમણે થોરાળા પોલીસ સ્ટેશનમા નોંધાવેલી તેમ જણાવી આંક–૧૫ થી અસલ ફરિયાદ રજૂ કરેલ છે.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલી છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હુ હાર્ડવેરનુ કામ કરૂ છુ. મારી નોકરી સવારના ૯ વાગ્યાથી રાત્રીના ૯ વાગ્યા સુધીની છે. હુ નોકરી કરૂ છુ ત્યાંથી મારૂ ઘર ૫ કી.મી.ના અંતરમાં આવેલ છે અને આવવા જવામાં આશરે ૧૫ મીનીટ જેટલો સમય લાગે છે. મારા ઘરેથી ડાભી હોટેલ જવા માટે આશરે મને એક સેકન્ડ જેટલો સમય લાગે અને આ ડાભી હોટેલ મારા ઘરની બાજુમા જ આવેલી છે. મારા કુટુંબમા કુલ ૬ વ્યક્તીઓ છે જેમા માયાબેન મારા માતૃશ્રી છે, સાગર મારો મોટો ભાઇ છે, હીનાબેન મારાથી મોટા બેન છે, ભુરીબેન મારાથી મોટી બેન છે, હુ જાતે, સપનાબેન મારી નાની બેન છે અને મારા પિતાશ્રી અવસાન પામેલ છે. ડાભી હોટેલથી ચુનારાવાડ ચોક વચ્ચે પાંચ થી છ દુકાન આવેલ છે અને વચ્ચે ત્રણ શેરી આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, મે મારી એફઆઇઆર માં જ્યાં બનાવ બનેલ હતો તે બરફનુ કારખાનુ લખાવેલ છે. તેઓએ એ વાતનો ઇન્કાર કરેલ છે કે, બરફની જે જગ્યા છે તે ચુનારાવાડ ચોકથી દુર

આવેલ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે બધુ લાઇન માં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ચુનારાવાડ ચોકમાં ચારેય બાજુ દુકાનો છે. તેઓએ સ્વીકારેલ છે કે, ચુનારાવાડ ચોકમાં, દુધસાગર વાળો રોડ અને ભાવનગર રોડની ચોકડી પડતી હોય જેથી સતત અવર–જવર વાળો રોડ છે. એ વાતની તેમને ખબર નથી કે ચુનારાવાડ ચોકની ફરતી કોર રહેણાંક વિસ્તાર આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ચુનારાવાડ ચોકમાં આવેલ દુકાનો મોડી રાત્રી સુધી ખુલ્લી રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિના ૯ વાગ્યા સુધી ખુલ્લી હોય છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ચા–પાણીની દુકાનો રાત્રે મોડી સુધી ખુલ્લી હોય છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ચુનારાવાડ ચોકમાં આલ્કોહોલ મળી રહે છે. મારા મિત્ર મહેશ ઇંટોની ભઠ્ઠીના કારખાનામાં મજુરીકામ કરે છે. મારો મિત્ર કેટલા વાગ્યે કામે જાય છે અને ક્યારે પરત આવે છે તે મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, મારા મિત્રને આલ્કોહોલ પીવાની ટેવ છે. ચુનારવાડ ચોકની બાજુમા રેડલાઇટ એરીયા આવેલો છે તેની મને ખબર છે. મારી પાસે મારી માલીકીનુ બાઇક છે. મને એ વાત ની ખબર નથી કે ડાભી હોટેલથી ગુંદાવાડી હોસ્પીટલ વચ્ચે કેટલુ અંતર થાય અને ડાભી હોટેલથી ગુંદાવાડી પહોચતા કેટલો સમય થાય. એ વાતની મને ખબર નથી કે ગુંદાવાડી હોસ્પીટલથી સિવિલ હોસ્પીટલ કેટલુ અંતર થાય અને ગુંદાવાડી હોસ્પીટલથી સિવિલ હોસ્પીટલ પહોંચતા કેટલો સમય થાય. ચુનારવાડ ચોકમાં ચારેય બાજુ ચા ની દુકાન આવેલી છે. હુ જન્મથી રાજકોટમાં રહુ છુ. એ વાત મને યાદ નથી કે, બનાવ સમયે ચુનારવાડ ચોકની આજુબાજુમાં કોર્પોરેશનનો રોડ, ગટર, ફુટપાથ વિગેરેનુ કામ ચાલુ હતુ કે કેમ. તેઓએ સ્વીકારેલ છે કે, મહેશ મારો ખાસ અંગત મિત્ર છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મારો મિત્ર મહેશ અમારા ઘરે લગ્ન પ્રસંગે આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાડી હોસ્પીટલથી સીવીલ હોસ્પીટલ સુધી મારો ભાઈ સાથે આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, હુ બેભાન થયેલો. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાડી હોસ્પીટલે પહોચતા હું બેભાન થઈ ગયેલો. તેઓએ સ્વીકારેલ છે કે, બેભાન હોય તેથી શું સારવાર થયેલી તે મને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાડી હોસ્પીટલમાં મારી પ્રાથમીક સારવાર થયેલી કે કેમ તે હું કહી શકુ નહી. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાડી હોસ્પીટલમાં કેટલો સમય રોકાયેલા

તે હુ કહી શકુ નહી. તે વાતની મને ખબર નથી કે ગુંદાવાડી હોસ્પીટલની બાજુમાંજ ગુંદાવાડી પોલીસ ચોકી આવેલી છે કે કેમ. હું જન્મથી રાજકોટમાંજ રહુ છુ. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ સમયે અંધારુ હતુ. તે વાત ની મને ખબર નથી કે બાળ કિશોર અને હાલના આરોપીનો કેસ અલગ છે. તેઓએ સ્વીકારેલ છે કે, બાળ કિશોરના કેસમાં હું જુબાની આપવા માટે ગયેલો. તેઓએ સ્વીકારેલ છે કે, ત્યાં મે સોગંદ ઉપર જુબાની આપેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, સોગંદ ઉપર જુબાનીમા મે એવુ જણાવેલ કે આવો કોઈ બનાવ બનેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, બાળ કિશોર સાથે મારે સમાધાન થઈ ગયેલ છે. તે વાતની મને ખબર નથી કે બાળ કિશોર તે કેસમા નિર્દોષ છુટી ગયેલ છે. તે વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ સમયે સ્થળ પર હું એકલો જ હાજર હતો. તે વાતનો ઈન્કાર કરેલ છે કે મારો મિત્ર બનાવ સમયે સ્થળ પર હાજર હતો નહી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે મારો મિત્ર હાજર હોવાની વિગત હું ખોટી જણાવુ છુ. તેઓએ સ્વીકારેલ છે કે, સ્થળ ઉપર ઘણા બધા માણસો હતા. મને ખબર નથી કે મારો ભાઈ સિવીલ હોસ્પીટલમાં ક્યાં મળેલો. મારા માતા માચાબેન સિવીલમાં કઈ જગ્યાએ મળેલા તે મને ખબર નથી. મને સીવીલ હોસ્પીટલમાં મહેશ મળેલો, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને સિવીલ હોસ્પીટલ મહેશ લઈને આવેલો. તેઓએ સ્વીકારેલ છે કે, મને હોસ્પીટલમાં બીજુ કોઈ મળેલ નથી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, મે દારૂ પીધેલો હોય જેથી નશામાં હોય અજાણ્યા વ્યક્તી સાથે સામાન્ય બોલાચાલી થતા ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કી માં પતરુ વાગી ગયેલુ. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી સાથે અગાઉનુ મનદુઃખ હોય જેના કારણે આરોપીને ફસાવવા માટે આરોપી ઉપર ખોટી ફરીયાદ કરેલી છે. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, સરતપાસમાં જણાવેલ કોઈ બનાવ બનેલ ન હોય તેમ છતાં હું ખોટી જુબાની આપુ છુ. તેઓએ સ્વીકારેલ છે કે, બેભાન થઈ ગયા પછી શું બનેલુ તેની મને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ઓપરેશન થઈ ગયા પછી હુ ભાનમા આવેલો. હું વહેલી સવારે ૪.૦૦ વાગે ભાનમા આવેલો. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાડી હોસ્પીટલથી વહેલી સવારે ૪.૦૦ વાગ્યા સુધી હું બેભાન હોય જેથી શું બનેલુ તે હુ કહી શકુ નહી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી પાસેથી ખોટી રીતે પૈસા પડાવવા માટે ખોટો કેસ કરેલો છે.

(૧૪) ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ તરીકે મહેશભાઇ રામજીભાઇ કુમારખાણીયાને આંક–૬૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સુનીલ અશોકભાઈ કુબાવત તેમના મિત્ર થાય છે. **સુનીલભાઈને ક્યા કારણોસર ઈજા થયેલી તેની તેમને ખબર નથી. તેઓ સુનીલ ભાઈ સાથે હાજર હતા નહી. તેમની હાજરીમા કોઈએ સુનીલભાઈને માર મારેલ હોય તેવુ બનેલ નથી. તેઓ કોઈ હોસ્પીટલે સુનીલભાઈને લઈને ગયેલ હોય તેવુ બનેલ નથી.** આરોપીઓ તેમના લત્તામા રહેતા હોવાથી તેઓને ઓળખે છે. પોલીસે તેમની પુછપરછ કરેલી.

આમ, સદર સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન પૂરૂ પાડેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવાના કાયદાની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલ સાહેદ તરીક જાહેર કરાવી, તેઓની ઉલટતપાસ લેવામા આવેલ છે પરંતુ, ઉલટ તપાસમાં પણ ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો પુરો પાડેલ નથી.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત મારૂ નામ સરનામુ પુછેલુ મારા નિવેદનમા શું લખેલુ તેની મને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી દારૂ પીવાની ટેવ ધરાવતો હતો. હાલ ફરીયાદી ગુજરી ગયેલ છે જે દારૂ પીતા હોવાથી ગુજરી ગયેલ હોવાનુ મને જાણવા મળેલ છે.

## <u>–:: નિષ્ણાંત સાહેદ તથા પોલીસ સાહેદનો પુરાવો તથા તેની ચર્ચા::–</u>

(૧૫) ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે ડો.હર્ષદભાઇ અમૃતલાલ દુસરાને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ ઈજા પામનારની સારવાર કરનાર ડોકટર છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ સીવીલ હોસ્પીટલ ખાતે તેઓ મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે સુનીલભાઈ કુબાવતને તેમના સગા સાગરભાઈ ૯–૩૩ પી.એમ. વાગ્યે તેમની પાસે સારવાર માટે લાવેલા. તેમને પુછતા તેમણે મારામારીની હિસ્ટ્રી આપેલી અને કહેલુ કે ૯–૦૦ પી.એમ. કલાકે લાખાજીરાજ રાજકોટ થોરાળા મે.રોડ

પાસે બે માણસોએ તીક્ષ્ણ હથીયાર વડે માર મારેલ છે. દર્દી પુરેપુરા ભાનમા હતા.

આ સાહેદે સરતપાસમાં વધુમા જણાવેલ છે કે, તેઓએ દર્દીને તપાસતા તેમને પીઠની જમણી બાજુમા મીડસ્કેપ્યુલર લાઇન ઉપર અને મીડલાઇનથી ૮ સે.મી. દુર તથા પોષ્ટીરીયર એકઝીલરી લાઇનથી ૪ સે.મી. દુર એક ભોંકાયેલો ઘા જોવા મળેલ હતો. જેની માર્જીન કલીયર હતી તેજ શાર્પ હતી અને તેમા સબકયુટેનીયસ એમ્ફાસીમા જોવા મળેલ હતુ. દર્દીના છાતીના એક્ષ–રે કરવામા આવેલા જે નોર્મલ હતા. દર્દીને કેસ નં.૨૭૫૪૨૮ થી ઇમરજન્સી વોર્ડમા દાખલ કરવામા આવેલ હતા અને ૧૨/૦૬/૨૦૧૮ ના રજા આપવામા આવેલ હતી.

આ સાહેદે સરતપાસમાં વધુમા જણાવેલ છે કે, તેઓના અભિપ્રાય મુજબ આ પ્રકારની ઈજા તીક્ષ્ણ અને ધારદાર હથીયાર વડે થઇ શકે તેવી હતી અને જો કોઇ કોમ્પ્લીકેશન ન થાય તો આ ઈજા બે થી ત્રણ અઠવાડીયામા સાજી થઇ શકે તેવી હતી.

આ સાહેદે આંક–૩૬ થી ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ રજૂ કરેલ છે અને તેમા પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે વધુમા સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ પી.એસ.આઈ. પી.ડી.જાદવ થોરાળા પો.સ્ટે. તરફથી સુનીલભાઈ કુબાવતનુ બ્લડ સેમ્પલ લેવા માટે તેમને અરજી મળેલ હતી જે અન્વયે તેમનુ બ્લડ સેમ્પલ લીધેલ હતુ, જે આંક–૩૭ થી રજૂ કરેલ છે.

સાહેદને કોર્ટ રૂબરૂ મુદ્દામાલ આર્ટીકલ નં.૮(એચ) વાળી છરી બતાવતા એવો પુરાવો આપેલ છે કે, આ છરી વડે આંક–૩૬ વાળા સર્ટીફીકેટમાં દર્શાવેલી ઈજા થઈ શકે.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓએ સ્વીકારેલ છે કે, હિસ્ટ્રીમાં બે વ્યક્તિઓ માંથી કોઈપણના નામ કે વર્ણન જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, કયા હથીયાર વડે ઈજા થઈ તે પણ તેમા જણાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મહેશ નામની કોઈ વ્યકિત દર્દીને લઇને આવેલ હોય તેવુ હિસ્ટ્રીમાં જણાવેલ નથી. મારી પાસે દર્દી આવેલ ત્યારે તેઓ ભાનમાં હતા. મારી પાસે દર્દી આવેલ ત્યારે તે અન્ય

હોસ્પીટલમાથી સારવાર લઈને આવેલ કે કેમ તેવી હિસ્ટ્રી મને જણાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પતરાનો કોઈ ખુણો વાગે તો પણ આંક–૩૬ વાળા સર્ટીફીકેટમા જે ઈજાઓ દર્શાવેલ છે તે ઈજાઓ થઈ શકે. તેઓએ સ્વીકારેલ છે કે, આ સર્ટીફીકેટમા દર્શાવ્યા મુજબની ઈજા બંને બાજુ ધારવાળા હથીયારથી થયેલ હોઈ શકે.

(૧૬) ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ તરીકે ફીરોઝખાન અબ્દુલાખાન યુસુફજાઈને આંક–૪૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ સર્કલ ઈન્સપેકટર છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ મામલતદાર કચેરી રાજકોટ શહેરમા સર્કલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે થોરાળા પો.સ્ટે. નો તા.૧૨/૭/૨૦૧૮ નો પત્ર કે જે તેઓને તા.૧૩/૭/૨૦૧૮ ના રોજ મળેલ તે અન્વયે તેમણએ તા.૨૪/૮/૧૮ ના રોજ પોલીસને સાથે રાખીને સ્થાનીકે જઈને પોલીસના પંચનામાના આધારે બનાવવાળી જગ્યાનો રફ સ્કેચ તૈયાર કરેલ છે જે આંક–૪૩ થી રજૂ કરેલ છે તેમજ આંક–૪૪ થી બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આપવાની યાદી રજૂ કરેલ છે.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા જણાવેલ છે કે, બનાવ સ્થળે કોઈ બરફનુ કારખાનુ આવેલ હોય તેવુ તેમના ધ્યાને આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મને યાદી મળ્યેથી તાત્કાલીક મે એક–બે દિવસમા સ્કેચ બનાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ સ્કેચમા તારીખ અને સમય દર્શાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે ટ્રેકચર ચોકમા ફુટપાથનુ કામ ચાલુ હતુ અને ત્યાં પતરાની આડસ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આંક–૪૪ ના આધારે ખોટો સ્કેચ આપેલ.

(૧૭) ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ તરીકે ચૈતન્ય જશવંતભાઈ કરથીયાને આંક–૫૨થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ સાયન્ટીફીક ઓફીસર છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તા.૮/૬/૨૦૧૮ ના રોજ રાજકોટ શહેર મોબાઈલ ઈન્વે. વાન ના ચાર્જમા હતા તે દરમીયાન એએસઆઈ શ્રી એ.એમ.ડાભી નાઓ દ્વારા થોરાળા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૬/૨૦૧૮, આઈ.પી.સી. કલમ ૩૦૭ વીગેરેના કામે બનાવ સ્થળની વિઝીટ કરવા માટેની

જરૂરી ટેલીફોનીક સુચના મળેલી. જેથી તેઓએ  બનાવ સ્થળની વિઝીટ તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ કલાક ૧૩.૦૦ થી ૧૪.૦૦ દરમીયાન એ.એમ.ડાભી એએસઆઈ નાઓની હાજરીમા કરેલ હતી.  આ બનાવવાળુ સ્થળ ચુનારાવાળા ચોક ડાભી હોટલ પાસે બરફના કારખાના પાસે, આનંદ હેર ડ્રેસર દુકાનની પાસે હતુ.

સાહેદે વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, સદર બનાવ સ્થળે દુધસાગર મેઈન રોડ પર આવેલ આકાશ કોમ્પલેક્ષની સામેની સાઈડે આવેલા લાખાજીરાજ ઉધોગનગર, શેરી નં ૨ ના ખુણે આનંદ હેર ડ્રેસર નામની દુકાન આવેલી હતી.  જે દુકાનની પાસે ફુટપાથ પાસે એક વૃક્ષ હતુ.  જે વૃક્ષ પાસે પડેલ સફેદ જેવા રંગના પથ્થર ઉપર છુટા છવાયા રતાશ પડતા ભુખરા ડાઘાઓ હતા. જે આનંદ હેર ડ્રેસર દુકાનથી આશરે પોણા નવ ફુટ દુર હતા. સદર આનંદ હેર ડ્રેસર દુકાનની બાજુમા એક બંધ દુકાન અને તે બંધ દુકાનની બાજુમા "ઓમ" નામનુ મકાન હતુ. જે મકાન પાસે ફુટપાથ ઉપર આવેલા અન્ડરગ્રાઉન્ડ ગટરના સીમેન્ટ કોન્ક્રીટના બનેલા ગોળાકાર.  ઉપરાંત "ઓમ" મકાનની સામે ડામર રોડ ઉપર આશરે ૧ ફુટના ઘેરાવામા રતાશ પડતા ભુખરા ડાઘાઓ હતા તેમજ ઓમ મકાનની સામે ફુટપાથની ધાર ઉપર પણ રતાશ પડતા ભુખરા ડાઘાઓ હતા.  ઉપરોક્ત રતાશપડતા ભુખરા ડાઘાઓનુ રૂધીરની હાજરી અંગેનુ બેન્ઝીડીન પરીક્ષણ કરતા તે પોઝીટીવ જણાયેલ હતુ.  સદર બનાવ સ્થળે ડામર રોડ ઉપર આવેલા રતાશ પડતા ભુખરા ડાઘાઓનુ ઉપર જણાવેલ ગટરના ઢાંકણાથી અંતર આશરે ૧૧ ફુટ હતુ.

સાહેદે વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે,  તેઓએ નીચે મુજબના નમુનાઓ કબજે લેવા માટે એએસઆઈ એ.એમ.ડાભી ને સુચન કરેલુ.

(૧) બનાવ સ્થળેથી આનંદ હેર ડ્રેસરની સામે વૃક્ષની પાસેના પથ્થર ઉપરના લોહિના ડાઘા માથી ઘસીને લીધેલ કોટન થ્રેડ સેમ્પલ, (૨) બનાવ સ્થળેથી ગટરના ઢાકણા ઉપરથી લોહીના ડાઘાઓ માથી ઘસીને લીધેલ કોટન થ્રેડ સેમ્પલ (૩) બનાવ સ્થળેથી ઓમ મકાનની સામે ફુટપાથની ધાર ઉપરના લોહીના ડાઘાઓમા થી ઘસીને લીધેલ કોટન થ્રેડ સેમ્પલ (૪) બનાવ સ્થળેથી ડામર રોડ ઉપરના લોહીના ડાઘાઓમાથી ઘસીને લીધેલુ કોટન થ્રેડ સેમ્પલ (૫) કંટ્રોલ કોટન થ્રેડ સેમ્પલ (૬) મેડીકલ ઓફીસર શ્રી તરફથી

આરોપી અને ફરીયાદીએ બનાવ સમયે પહેરેલા કપડાઓ અને તેમના કંટ્રોલ બ્લડ સેમ્પલ (૭) આરોપી પકડાયે તેણે બનાવમા ઉપયોગમા લીધેલ હથીયાર. સાહેદે વધુમા જણાવેલ છે કે, ઉપરોક્ત નમુનાઓને તેમના જરૂરી પરીક્ષણ અર્થે આરએફએસએલ રાજકોટ ખાતે મોકલવા તેમજ બનાવ સ્થળની ફોટોગ્રાફી તેમજ વીડીયોગ્રાફી કરવા સુચન કરેલ હતુ.

સાહેદે પોતાની જુબાની દરમ્યાન આંક–૫૩ થી સ્થળ વિઝીટ કરવા માટે થોરાળા પોસ્ટેના પીઆઈ બી.પી.સોનારાએ કરેલ યાદી તેમજ આંક–૫૪ થી પોતે તૈયાર કરેલ બનાવવાળી જગ્યાનો અસલ સ્થળ પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે.

(૧૮) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ તરીકે બળવંતભાઇ પ્રભાતભાઇ સોનારાને આંક–૭૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તપાસ કરનાર અધિકારી છે. આ સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૮ મા થોરાળા પો.સ્ટે.મા પીઆઈ દરજ્જે હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી સુનીલ અશોકભાઈ કુબાવતે આ કામના આરોપીઓ શનિ રમેશભાઈ પવાર તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૭ વિગેરે મુજબની ફરીયાદ તેમના પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.ડી.જાદવ રૂબરૂ લખાવેલ, જે ફરિયાદ આંક–૧૫ થી રજૂ છે. ત્યારબાદ પીએસઆઈ પી.ડી.જાદવનાઓએ ગુનો રજી કરવા બાબતે પીએસઓ ને યાદી કરેલી જે યાદીના આધારે એફઆઈઆર રજીસ્ટર કરવામા આવેલી. ત્યારબાદ અંશતઃ તપાસ શ્રી પી ડી જાદવનાએ કર્યા બાદ આ કામની તપાસ તેઓને મળતા, તેઓએ બનાવવાળી સ્થાનીક જગ્યાની વિઝીટ કરવા એફએશએલ ને આંક–૫૩ વાળી લેખીત યાદી કરેલી, આંક ૫૪ વાળો એફએસએલ નો સ્થળ પરીક્ષણ અહેવાલ આવતા કામમાં સામેલ રાખેલ, આંક ૨૬ વાળુ ફરીયાદી/ઈજા પામનારનુ શરીર સ્થીતીનુ પંચનામુ બંને પંચોની હાજરીમા તેઓએ જોયા જણાવ્યા લખાવ્યા મુજબ કરેલુ અને પંચનામાના બંને પંચોની સહી લઈ રૂબરૂપણામા પોતે સહી કરેલી જે સહીઓ ઓળખી બતાવેલ છે, આંક ૫૮ વાળુ આરોપી શની રમેશ પવારની અટક અંગેનુ પંચનામુ બંને પંચોની હાજરીમા તેઓએ જોયા જણાવ્યા લખાવ્યા

મુજબ કરેલુ અને પંચનામાના બંને પંચોની સહી લઈ રૂબરૂપણામા પોતે સહી કરેલી જે સહીઓ ઓળખી બતાવેલ છે.

સાહેદે સરતપાસમાં વધુમા જણાવેલ છે કે, ત્યારબાદ તેઓએ બાળ આરોપીનુ એજ ડીટર્મીનેશન સર્ટીફીકેટ મેળવેલ. આંક–૭૪ વાળી પીડીયુ હોસ્પીટલ ના મેડીકલ ઓફીસરને તપાસના કામે બ્લડ સેમ્પલ લેવા બાબતે યાદી કરેલ, આંક ૩૩ વાળુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ બંને પંચોની હાજરીમા તેઓએ જોયા જણાવ્યા લખાવ્યા મુજબ કરેલુ અને પંચનામામાં બંને પંચોની સહી લઈ રૂબરૂપણામા પોતે સહી કરેલી જે ઓળખી બતાવેલ છે.

સાહેદે સરતપાસમાં વધુમા જણાવેલ છે કે, તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હતા.

સાહેદને કોર્ટ રૂબરૂ મુદ્દામાલ આર્ટીકલ "એ" બતાવતા તેમાથી એક બ્લુ કલરનુ જીન્સનુ પેન્ટ જે પેન્ટમાં આર.ટોન સ્ટાઇલ કલાસીક તથા એક મહેંદી કલરનુ જુના જેવુ ટી–શર્ટ નીકળેલ છે જે જોઇ બે પંચો રૂબરૂ કબજે કરેલા તે જ હોવાનું અને આંક–૨૭ થી રજૂ કબજે કરેલ પાવતીમાં પણ બે પંચોની સહી તથા રૂબરૂપણામા પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. સાહેદે આંક ૩૩ વાળા સ્થાનીક જગ્યાના પંચનામાની રૂ એ મુદામાલ કબજે થયેલ છે તે તમામ મુદામાલ બે પંચોની હાજરીમા તેમના રૂબરૂ કરવામા આવેલ હોવાનું જણાવેલ છે. સાહેદે મુદામાલ આર્ટીકલ ૭(જી) જોઇ એવુ જણાવેલ છે કે તેમાથી નીકળેલ આછા કાળા કલરનુ મોટી ચેક્સની ડીઝાઈન વાળુ જીન્સનુ પેન્ટ તથા એક લાલ કલરનો આખી બાંચનો શર્ટ તેમના રૂબરૂ કબજે થયેલ તે જ છે અને તે મુજબની આંક ૫૯ વાળી કાપલીમા બે પંચોની સહી તથા રૂબરૂપણામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. સાહેદને મુદામાલ આર્ટીકલ એચ બતાવતા તેમાથી નીકળેલ છરી આરોપીએ બનાવ સમયે ઉપયોગમા લીધેલ હતી અને તેમની રૂબરૂ કબજે થયેલ હતી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે અને તે મુજબની આંક ૬૦ વાળી કાપલીમા બે પંચોની સહી તથા રૂબરૂપણામા પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે સરતપાસમાં વધુમા જણાવેલ છે કે, તેઓએ સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ હતા. ત્યારબાદ તેમની બદલી થતા સદરહુ ગુનાની તપાસ જે તે સમયના થોરાળા પોસ્ટેના પીઆઈ

એસ.એન.ગડુ સાહેબે સંભાળેલ હતી અને આરોપી સામે પુરતો પુરાવો હોય તેઓએ નિયત સમયમા ચાર્જસીટ કરેલ હતુ.

સાહેદે વધુમા જણાવેલ છે કે, આરોપી આજરોજ નામદાર કોર્ટમા હાજર નથી પરંતુ જો હાજર હોય તો તેઓ આરોપીને ઓળખી શકે.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા એ વિશાળ વિસ્તાર છે અને આજુબાજુ ઘણી બધી દુકાનો અને મકાન આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, દુધસાગર રોડ છે તે હાઈવે ટાઈપ મોટો રોડ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ જગ્યાએ માણસોની સતત અવર–જવર ચાલુ રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ વિસ્તારમાં ચા પાન ની દુકાનો રાત્રીના ૧૨ વાગ્યા સુધીમા સામાન્ય સંજોગોમા ચાલુ હોય છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કુબલીયા પરા, દુધસાગર રોડ રેડલાઈટ અને પ્રતિબંધીત વિસ્તાર છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામે આજુબાજુના દુકાન કે હોટલવાળાના કોઈ નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. તેઓ કહી શકે નહી કે મુદામાલમા જે છરી કબજે કરેલ છે તે પ્રકારની છરીઓ માર્કેટમા સહેલાઈથી મળી રહે. તેઓએ સ્વીકારેલ છે કે, આ ગુનાના કામે કબજે કરેલ મુદામાલ છરી ઉપર કોઈ પણ જાતના લોહિના નિશાન ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાળી સરકારી હોસ્પીટલમા કોઈ પણ નિવેદન લીધેલ હોય કે ત્યાં તપાસ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મારી આખી તપાસ દરમીયાન બનાવ બનવાનુ મુખ્ય કોઈ કારણ તપાસમા ખુલવા પામેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સમયે ફરીયાદી નશાની હાલતમા હતા એવુ ખુલેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામના ફરીયાદી બનાવ સમયે નશાની હાલતમા હતા કે કેમ તે અંગે તેઓએ કોઈ મેડીકલ કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઈજા પામનાર/ફરીયાદી સરકારી હોસ્પીટલમા સારવાર હેઠળ હોવાથી સારવાર કરનાર ડોક્ટરે આપેલ સર્ટીફીકેટમા પણ આવો કોઈ ઉલ્લેખ થયેલ નથી.

(૧૯) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ તરીકે પરેશકુમાર દાનસીંગભાઈ જાદવ ને આંક–૭૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ ફરિયાદ લેનાર તથા તપાસ કરનાર અધિકારી છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, સને –૨૦૧૮ માં તેઓ

થોરાળા પો.સ્ટે.માં પીએસઆઈ દરજ્જે હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી સુનીલ અશોકભાઈ કુબાવતે, આરોપીઓ શનિ રમેશભાઈ પવાર તથા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૭ વિગેરે મુજબ ફરીયાદ નોંધાવેલ હતી જે ફરીયાદ તેઓએ નોંધેલી જે આંક ૧૫ થી રજુ છે અને જેના અંતે ફરીયાદીની ૨ સહીઓ તથા રૂબરૂપણામા પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે વધુમા સરતપાસમાં જણાવેલ છે કે, સદરહુ ગુનો રજી કરવા બાબતે તેઓએ થોરાળા પોસ્ટેના પીએસઓ ને યાદી કરેલી, જે યાદી આંક–૭૭ થી રજૂ કરેલ છે, આંક–૭૮ થી ભારે ગુનાનો રીપોર્ટ, આંક–૭૯ થી ફરીયાદી/ઈજાપામનાર સુનિલ અસોકભાઈ કુબાવતનુ હાલની સ્થીતીનુ મેડીકલ સર્ટી મળવા અંગે રાજકોટ સરકારી હોસ્પીટલને કરેલ યાદી, આંક–૮૦ થી ફરીયાદી/ઈજાપામનાર સુનિલ અસોકભાઈ કુબાવતનુ લોહી સેમ્પલ લેવા બાબતે સરકારી હોસ્પીટલને કરેલ યાદી, આંક–૮૧ થી ફરીયાદી/ઈજાપામનાર સુનિલ અસોકભાઈ કુબાવતનુ ડીડી લેવા બાબતે એક્ઝી.મેજી. રાજકોટને કરેલ યાદી તેમજ આંક–૮૨ થી એફએસએલ રાજકોટ દ્વારા આપવામા આવેલ મુદામાલ પૃથક્કરણ રીપોર્ટની ખરી નકલ રજૂ કરેલ છે.

સાહેદે વધુમા સરતપાસમાં જણાવેલ છે કે, આગળની તપાસ તેઓએ બી. પી. સોનારા સાહેબને સોંપેલી અને ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો હોય થોરાળા પોસ્ટેના ઈ.ચા. પીઆઈ એસ.એન.ગડુ નાઓએ કોર્ટમા ચાર્જસીટ ફાઈલ કરેલ હતુ.

સાહેદે પોતાની જુબાની દરમ્યાન આંક–૮૩ થી રાજકોટ એફએસએલ દ્વારા આપવામા આવેલ મુદામાલ મળી ગયા અંગેની પહોચ, આંક–૮૪ થી મુદામાલનુ પૃથક્કરણ કરવા અંગે એફએસએલ રાજકોટને કરેલ ઓનલાઈન મુદામાલ રવાનગી, શીલનો નમુનો તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર, આંક–૮૫ થી લોહિના નમુના લીધેલાની પહોચ તથા આંક–૮૬ થી તપાસનો હુકમ રજૂ કરેલ છે.

સાહેદે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષે વિ.વ.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, બનાવ અંગેની આંક ૧૫ વાળી ફરીયાદ લેવા માટે સીધા સીવીલ હોસ્પીટલે રાત્રીના દોઢ વાગે ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, આંક ૧૫ વાળી ફરીયાદ લેવા ગયા ત્યારે ફરીયાદી સંપુર્ણ સભાન અવસ્થામા હતા અને ફરીયાદ આપી શકે તેવી સ્થીતીમા હતા. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, અમો ફરીયાદ લેવા ગયા ત્યારે ફરીયાદી દારૂ પીધેલી સ્થિતિમાં હતા. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા વિશાળ વિસ્તાર છે અને આજુબાજુ ઘણી દુકાનો અને મકાનો આવેલા છે. તેઓએ સ્વીકારેલ છે કે, દુધસાગર રોડ હાઈવે જેવો મોટો રોડ છે અને માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ બનેલો તે સમયે અવર–જવર ઓછી હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાની આસપાસ ઘણીબધી ચાની દુકાનો અને હોટલો આવેલ છે જે રાત્રે બાર એક વાગ્યા સુધી ચાલુ હોય છે. તેઓને પૂછવામા આવેલ સવાલ કે થોરાળા અને કુબલીયાપરા તથા દુધસાગર રોડ નો વિસ્તાર એ રેડલાઈટ એરીયામા આવે છે? તેનો જવાબ એવો આપેલ કે, ૨ થી ૩ ગલીઓ રેડલાઈટ એરીયામા આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી બનાવ બન્યા બાદ સીધા સીવીલ હોસ્પીટલે ચાલ્યા ગયેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, વચ્ચે રસ્તામા ફરીયાદીને ગુંદાવાડી હોસ્પીટલે લઈ ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, ગુંદાવાળી હોસ્પીટલમા લઈ ગયેલ હોય તે બાબતે કોઈ નિવેદન કે તપાસ અમોએ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, મારી આખી તપાસ દરમીયાન બનાવ ક્યા કારણે બનેલ છે તેનું કારણ ખુલવા પામેલ નથી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી રીતે બનાવની પોલીસ યાદી કરી અને ખોટી રીતે ભારે ગુનાનો રીપોર્ટ ઉભો કરેલ છે.

(૨૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપી, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ફરીયાદી મિત્રો થતા હતા પરંતુ, એકાદ માસ પહેલા વિનોદભાઈ શાયર નામના માણસ સાથે આરોપી સન્નીને માથાકુટ થયેલ હોય, તેમ છતાં ફરીયાદી સુનીલભાઇ, વિનોદભાઈ શાયર સાથે બેસતા ઉઠતા હોય, જેનું મનદુઃખ રાખી, તા.૭/૦૬/૧૮ ના કલાક ૨૧–૩૦ વાગ્યે રાજકોટ ખાતે

ચુનારાવાડ રોડ, ડાભી હોટલ પાસે, બરફના કારખાના પાસે ફરિયાદી અને તેના મિત્ર મહેશભાઇ બેઠા હતાં ત્યારે આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે, મોટર સાયકલથી આવી, ફરીયાદીને ગાળો આપતા, ફરિયાદીએ ગાળો આપવાની ના પાડતા, ફરિયાદીએ જતા રહેવાનું કહેતા, આરોપીએ ફરિયાદી સાથે બોલાચાલી કરી, જપા-જપી કરી, ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી, આરોપીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી, ફરીયાદીને જમણા પડખામાં વાંસાના ભાગે મારી નાખવાના ઈરાદે છરીનો એક જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કરેલ છે.

(૨૧) ઇ.પી.કોડ કલમ-૩૦૭ મુજબના કેસમાં ઈજા પામનારનો પુરાવો ખુબજ મહત્વનો છે, જે સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે, નીચે મુજબના અનેક ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

> *"It is to be noted that the evidence /testimony of the injured witnesses has greater evidentiary value and unless compelling reasons exist, their statement are not to be discarded lightly as observed by the Hon'ble Apex Court in the case(s) of State of M.P. vs. Mansingh, (2003) 10 SCC 414; Abdul Sayeed vs. State of M.P., (2010) 10 SCC 259; State of U.P. vs. Nares, (2011)4 SCC 324; Laxman Singh vs. State of Bihar (Now Jharkhand) (2021) 9 SCC 191 and Balu Sudam Khalde and another vs. State of Maharashtra, 2023 SCC OnLine SC 355."*

વધુમા નામદાર સુપ્રિમ કોર્ટે, **બાલુ સુદામ ખાલદે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (ક્રીમીનલ અપીલ નં.૧૯૧૦/૨૦૧૦)** ના ચુકાદામાં એવુ અવલોકન કરેલ છે કે,

> *"26. When the evidence of an injured eye-witness is to be appreciated, the undernoted legal principles*

*enunciated by the Courts are required to be kept in mind:*

*(a) The presence of an injured eye–witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.*

*(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.*

*(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.*

*(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.*

*(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.*

*(f) the broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded."*

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તેમજ અવલોકનને ધ્યાને લઇ, ઇજા પામનાર/ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરેલ છે જે નીચે મુજબ છેઃ

(૨૨) ફરિયાદી/ઇજા પામનારની આંક–૧૪ ની જુબાની તેમજ આંક–૧૫ થી રજૂ ફરિયાદને એકસાથે ધ્યાને લેવામાં આવે તો, ઇજા પામનારે પોતાની ફરિયાદ

હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાનીથી નીચેની હકીકતો સતત રેકર્ડ પર આવે છેઃ

- ઈજા પામનાર અને તેમના મિત્ર મહેશભાઇ, ચુનારાવાડ ચોક પાસે બરફની દુકાન પાસે ડાભી હોટેલે, રાત્રિના સાડા નવેક વાગ્યે બેઠા હતા ત્યારે સન્ની(આરોપી) અને બાઠીયો(જુવેનાઇલ) નામના બે વ્યક્તિઓ તેમની પાસે આવેલા.
- આરોપી અને જુવેનાઇલ તેમની સાથે ગાળા ગાળી કરવા લાગેલ. જેથી તેમણે તેઓને ત્યાંથી જતા રહેવાનું કહેલ તેમ છતાં તેઓ બંને ફરિયાદી સાથે જપા જપી કરવા લાગેલા.
- આરોપી સન્નીએ પોતાની પાસેની છરી વડે, ફરિયાદીને પડખામાં ઘા મારેલ, જેથી ફરિયાદી નીચે પડી ગયેલા.
- ત્યારબાદ આરોપી અને જુવેનાઇલ બંન્ને ત્યાંથી ભાગી ગયેલા.
- ત્યારબાદ ફરિયાદીને, તેમના મિત્ર મહેશભાઇ ગુંદાવાડી દવાખાને લઇ ગયેલા અને ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પીટલ ખાતે લઇ ગયેલ અને ફરિયાદીના ભાઇ સાગરને ફોનથી બનાવની જાણ કરેલી.
- જેથી ફરિયાદીના માતા અને ભાઇ સાગર રાજકોટ સિવિલ હોસ્પીટલે આવી ગયેલા અને સીવીલ હોસ્પિટલમાં ફરિયાદીનું ઓપરેશન કરવામાં આવેલ તેમ જણાય છે.
- ફરિયાદીએ થોરાળા પોલીસ સમક્ષ આરોપીઓ વિરૂદ્ધ આંક–૧૫ વાળી ફરિયાદ આપેલ.
- ફરિયાદીના ઉપરોકત પુરાવા સંબંધે આરોપીના વિ.વ.શ્રીએ તેઓની ઉ.ત. કરેલ છે પરંતુ, તેઓની સમગ્ર ઉલટતપાસને ધ્યાને લેતાં, બનાવના દિવસે અને સમયે આરોપીએ, જુવેનાઇલ સાથે આવી, તેઓ સાથે ગાળાગાળી કરી, જપા જપી કરી, તેઓને છરી વડે ઇજા કરેલ, જેથી ફરિયાદીને તેના મિત્ર મહેશભાઇ ગુંદાવાડી હોસ્પિટલમાં અને ત્યારબાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ ગયેલ હોવાની હકીકતને વળગી રહેલ છે.
- ફરિયાદીએ કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ છરીને પણ ઓળખી બતાવેલ છે.

(૨૩) ઈજા પામનારની સારવાર કરનાર ડો. હર્ષદભાઇ અમૃતલાલ દુસરાનો આંક–૩૫ થી રજૂ પુરાવો જોવામા આવે તો નીચેની હકીકતો જણાઇ આવે છેઃ

– તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ તેઓ સીવીલ હોસ્પિટલ, રાજકોટ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે ઈજા પામનાર સુનીલભાઇને ૯–૩૩ પી.એમ. કલાકે તેમની સમક્ષ સારવાર માટે લાવવામા આવેલા.

– તેઓએ ઈજા પામનારને તપાસેલ તે સમયે તેઓ પુરેપુરા ભાનમાં હતા.

– ઈજા પામનારે તેઓને એવી હીસ્ટ્રી આપેલી કે, રાજકોટ મુકામે લાખાજીરાજ, થોરાળા મેઇન રોડ પાસે બે માણસોએ તીક્ષ્ણ હથિયાર વડે માર મારેલ છે.

– દર્દીને પીઠની જમણી બાજુ મીડસ્કેપ્યુલર લાઇન ઉપર અને મીડલાઇનથી ૮ સે.મી. દુર તથા પોષ્ટીરીયર એકઝીલરી લાઇનથી ૪ સે.મી. દુર એક ભોંકાયેલ ઘા હતો, જેની માર્જીન કલીયર અને શાર્પ હતી.

– દર્દીને ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામા આવેલ અને તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ રજા આપવામા આવેલ.

– તેઓના અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા તીક્ષ્ણ અને ધારદાર હથિયાર વડે થઇ શકે તેવી હતી.

– આ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પતરાનો કોઇ ખૂણો વાગે તો પણ આંક–૩૬ વાળા સર્ટીફીકેટમાં જે ઈજાઓ દર્શાવેલ છે તે ઈજાઓ થઇ શકે.

– તેઓ એ વાતને વળગી રહે છે કે, દર્દી તેમની પાસે આવેલ ત્યારે ભાનમાં હતા.

(૨૪) આરોપીના વકીલશ્રીનો મુખ્યત્વે એવો બચાવ છે કે, ફરિયાદીના પુરાવા મુજબ તેઓ ગુંદાવાડી હોસ્પિટલે પહોંચ્યા ત્યારબાદ બેભાન થઇ ગયેલા બીજા દિવસે સવારે ૪–૦૦ વાગ્યે ભાનમાં આવેલ હોય, જયારે ડોકટરના પુરાવા મુજબ તેઓએ ફરિયાદીને તપાસેલ ત્યારે તેઓ ભાનમાં હતા. આમ, ફરિયાદી તેમજ ડોકટરના પુરાવામાંથી ફરિયાદી ભાનમા હોવા સંબંધે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમા, જો ફરિયાદી બનાવના બીજા દિવસે સવારે ૪–૦૦ વાગ્યે ભાનમાં આવેલ હોય તો, બનાવના દિવસે બનાવના થોડા જ કલાકો બાદ ડોકટરને જાતે હીસ્ટ્રી લખાવી શકે નહિ કે ફરિયાદ આપી શકે નહિ તેમજ ફરિયાદી અને આરોપીઓ મિત્ર હોવા છતાં ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં

આરોપીઓના નામ જણાવેલ ન હોય, ફરિયાદ હકીકત તેમજ ફરિયાદીનો પુરાવો શંકાસ્પદ બની જતો હોય, આરોપીને આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવા જોઇએ

પરંતુ, ફરિયાદીનો આંક-૧૪ નો પુરાવો તેમજ તેમનું આંક-૩૬ નું ઈન્જરી સર્ટીફીકેટ ધ્યાને લેતાં, તેમને શાર્પ હથિયારથી જમણા પડખાના ભાગે ઉંડો ઘા મારવામા આવેલ હોય, લોહી નીકળી રહેલ હોય, અને બનાવની થોડી જ મીનીટમાં તેમણે ડોકટર સમક્ષ હીસ્ટ્રી આપેલ હોય ત્યારે ડોકટર સમક્ષ આરોપીના નામ કે હથિયારનું નામ જણાવી શકે તેટલા તે સ્વસ્થ ન હોય તે સ્વાભાવિક છે.

આંક-૩૫ થી રજૂ મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેવામા આવે તો, તેમા એવું નોંધેલ છે કે, *"A/H/O Assult 9-00 p.m. વાગ્યે લાખાજીરાજ રાજકોટ થોરાળા મેઈન રોડ પાસે બે માણસોએ તીક્ષ્ણ હથિયાર વડે માર મારેલ છે"*

આમ, ફરિયાદીએ ઈજાગ્રસ્ત હાલતમાં પણ બનાવના સમય, મારનારની સંખ્યા તેમજ હથિયાર સંબંધે જે વર્ણન કરેલ છે તેને ઈજા પામનારની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થાય છે તેમજ ઇજા પામનાર ઉપરોકત ઈજાગ્રસ્ત સ્થિતિમાં બે વ્યકિતઓએ તીક્ષણ હથિયારથી માર મારેલ એટલી જ હીસ્ટ્રી નોંધાવે તેટલા માત્રથી ફરિયાદ પક્ષના કેસને કોઈ જ વિપરીત અસર પહોંચતી હોવાનું માની શકાય નહિ.

વધુમા, હાલનો બનાવ તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ બનેલ છે જયારે ફરિયાદીની જુબાની તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ એટલે કે બનાવના આશરે અઢી વર્ષ બાદ રેકોર્ડ થયેલ હોય, બનાવ બાદ ફરિયાદી કયારે બેભાન થઇ ગયેલ અને કયારે ભાનમા આવેલ તે સંબંધે થોડી વિસંગત હકીકત પોતાના પુરાવામા જણાવેલ હોય તેનાથી ફરિયાદ પક્ષના કેસનો કેસ ફેટલ થઈ જતો નથી કારણકે, કોઈપણ સામાન્ય માણસ પાસે બનાવના લાંબા સમય બાદ જુબાની આપે તે સમયે શબ્દસઃ પુરાવો આપે તેવી અપેક્ષા રાખી શકાય નહિ. બનાવના માત્ર અડધા કલાક બાદ ફરિયાદીએ હીસ્ટ્રી આપેલ છે તેમજ થોડા જ કલાકોમાં આરોપીઓના નામજોગ ફરિયાદ આપેલ છે અને પોતાની જુબાનીમાં આંક-૧૫ વાળી ફરિયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે અને પોતાની

જુબાનીમા જણાવેલ ઈજાને મેડીકલ પુરવાથી સમર્થન મળેલ છે, જેથી આરોપીના વકીલશ્રીની ઉપરોકત દલીલો ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી.

(૨૫) આરોપીના વકીલશ્રીની દલીલ છે કે, બનાવવાળી જગ્યા ઉપર કોઈ બરફનું કારખાનું આવેલ નથી, જયારે ફરિયાદીની જુબાની અને ફરિયાદમાં બનાવ બરફના કારખાના પાસે બનેલ છે, જેથી બનાવવાળી જગ્યા પુરવાર થતી નથી. આ સંબંધે સર્કલ ઈન્સપેકટરશ્રી ફીરોઝખાન અબ્દુલાખાન યુસુફજાઈના આંક–૪૨ નો પુરાવો જોવામા આવે તો, તેઓએ આંક–૪૪ ની પોલીસ યાદીના આધારે તેઓએ આંક–૪૩ વાળો સ્થાનીક જગ્યાનો નકશો તૈયાર કરેલ છે. જોકે, આ સાહેદે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, બનાવ સ્થળે કોઈ બરફનું કારખાનું આવેલ હોય તેવુ તેમના ધ્યાને આવેલ નથી પરંતુ, બનાવ તા.૭/૬/૨૦૧૮ ના રોજ બનેલ છે જયારે આ સાહેદે તા.૧૨/૭/૨૦૧૮ ના રોજની પોલીસ યાદીના આધારે તા.૨૪/૦૮/૨૦૧૮ ના રોજ એટલે કે બનાવના આશરે અઢી માસ બાદ સ્થાનીક જગ્યાનો નકશો બનાવેલ હોય, આ સાહેદે જયારે નકશો બનાવેલ ત્યારે ત્યાં બરફનું કારખાનું ન હતુ તેટલા માત્રથી બનાવ સ્થળની હકીકત શંકાસ્પદ બની જતી નથી. વધુમા, આ સાહેદની જુબાનીમાં આંક–૪૩ થી રજૂ સ્થાનીક જગ્યાનો નકશો જોતા, બનાવનું સ્થળ લાખાજીરાજ રોડ ઉપર આનંદ હેર ડ્રેસર અને ઓમ મકાન સામે બનેલ હોવાનું જણાય છે, જે સ્થળને ફરિયાદીના પુરાવાથી તેમજ મેડીકલ હીસ્ટ્રીથી સમર્થન પ્રાપ્ત થાય છે, જેથી આ સાહેદના પુરાવાને ફરિયાદ પક્ષની તરફેણમાં ધ્યાને લીધેલ છે અને બનાવવાળી જગ્યા સંબંધે આરોપીના વકીલશ્રીની ઉપરોકત દલીલ ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

(૨૬) વધુમા, બનાવવાળી જગ્યા સંબંધે સાયન્ટીફીક ઓફીસરશ્રી ચૈતન્ય જશવંતભાઈ કરથીયાનો આંક–૫૧ થી રજૂ પુરાવો જોવામા આવે તો, આંક–૫૩ થી રજૂ પોલીસ યાદીના આધારે બનાવના થોડા કલાકો બાદ તા.૦૮/૦૬/૨૦૧૮ ના રોજ કલાક ૧૩–૦૦ થી ૧૪–૦૦ દરમિયાન બનાવવાળી જગ્યા ચુનારાવાડ ચોક, ડાભી હોટલ પાસે, બરફના કારખાના

પાસે આનંદ હેર ડ્રેસર દુકાન પાસેની સ્થાનીક જગ્યાનું તપાસનીશ અધિકારીની હાજરીમાં નિરીક્ષણ કરતા, સ્થળ પરથી ચાર અલગ અલગ જગ્યાએ લોહીના ડાઘા જોવા મળેલ, જેનું પ્રાથમિક પરિક્ષણ કરતાં રુધીરની હાજરી માલૂમ પડેલ. જેથી તેઓએ બનાવ સ્થળેથી રતાશ પડતા ભુખરા રંગના ડાઘામાંથી ઘસીને કોટન થ્રેડ સેમ્પલ તરીકે કબજે લેવા સુચના આપેલ અને આંક–૫૪ વાળો સ્થળ પરીક્ષણનો અસલ અહેવાલ આપેલ. આ સાહેદ, બચાવ પક્ષ તરફે કરવામા આવેલ ઉલટ તપાસમાં પોતે સર તપાસમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે. આમ, આ સાહેદની ઉલટતપાસમાંથી વિરુદ્ધની કોઇ હકીકત મળી આવેલ ન હોય તેમજ સાયન્ટીફીક ઓફીસરશ્રીએ બનાવ બાદ તુરત જ બનાવ સ્થળની વીઝીટ કરી, જરૂરી નમુના એકત્રીત કરવા અને તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલવા તપાસ કરનાર અધિકારીને સુચના આપેલ હોવાનું માનવામા આવે છે.

આ તબકકે તપાસ કરનાર અમલદારશ્રી પરેશકુમાર જાદવની આંક–૭૬ ની જુબાની જોવામા આવે તો, આ ગુનાના કામે કબ્જે લેવામા આવેલ મુદ્દામાલ પી.આઇ.શ્રી એસ.એન. ગડુની સહીથી આંક–૮૪ વાળી રવાનગી નોંધ તેમજ શીલના નમૂના સાથે એફ.એસ.એલ. તરફ પૃથ્થકરણ અર્થે મોકલવામા આવેલ છે.

(૨૭) ઉપરોકત ચર્ચા અંગે ત.ક.અધિકારીશ્રી પરેશકુમારની આંક–૭૬ ની જુબાની તેમજ આંક ૮૪ થી રજૂ મુદ્દામાલ રવાનગી પત્ર જોતાં, માર્ક–એ/૧ અને એ/૨ થી ઇજા પામનારના લોહીવાળા કપડા, માર્ક–બી થી ઇ સુધી બનાવ સ્થળેથી લીધેલ કોટના થ્રેડ, માર્ક –એફ થી કંટ્રોલ સેમ્પલ, માર્ક–જી/૧, જી/૨ થી આરોપીએ બનાવ સમયે પહેરેલ ટી–શર્ટ તેમજ પેન્ટ (લોહીથી ખરડાયેલ), માર્ક–આઇ/૧ અને આઇ/૨ થી જુવેનાઇલે બનાવ સમયે પહેરેલ કપડા, માર્ક–જે થી ઇજા પામનારનું બ્લડ સેમ્પલ, માર્ક–કે થી આરોપીનું બ્લડ સેમ્પલ તેમજ માર્ક–એલ થી જુવેનાઇલનું બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલવામા આવેલ છે.

આ સંબંધે આંક–૮૨ નો એફ.એસ.એલ.પરીક્ષણ અહેવાલ જોતાં, ઇજા પામનારનું બ્લડ ગૃપ "એ", આરોપીનું બ્લડ ગૃપ–"ઓ" અને જુવેનાઇલનું

બ્લડ ગ્રૂપ "બી" નિર્ણીત થયેલ છે. વધુમા, સદર અહેવાલ જોતા, ઈજા પામનારના કપડા ઉપર તેમજ બનાવ સ્થળેથી લેવામા આવેલ કોટન થ્રેડ ઉપર તેમજ આરોપીએ બનાવ સમયે પહેરેલ પેન્ટ અને ટી–શર્ટ ઉપર માનવ રૂધિર–"એ" જૂથના રુધીર ની હાજરી મળી આવેલ છે તથા ઈજા પામનારનું રૂધિરનું જૂથ પણ "એ" હોવાનું નિર્ણીત થયેલ છે.

આમ, ઈજા પામનારના કપડા ઉપર, બનાવ સ્થળેથી લેવામા આવેલ કોટન થ્રેડમા તેમજ આરોપીના કપડા ઉપર ઈજા પામનાર સુનીલભાઈનું રૂધીર મળી આવેલ હોવાનું સાયન્ટીફીક પુરાવાથી પુરવાર થયેલ છે. આમ, સાયન્ટીફીક પુરાવાથી ફરિયાદી/ઈજા પામનારના પુરાવાને સમર્થન મળે છે. વધુમાં, આરોપીએ ક્રી.પ્રો. કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનના માધ્યમથી કે અન્ય કોઈ પુરાવો રજૂ કરીને પણ પોતાના કપડા ઉપર ઈજા પામનારનું રૂધિર કેવી રીતે આવેલ તે અંગે કોઈ જ ખુલાસો કરેલ નથી. તદનુસાર સાયન્ટીફીક પુરાવાના આધારે ફરિયાદ પક્ષના કેસ મુજબનો બનાવ, બનાવ સ્થળે અને સમયે બનેલ હોવાનું તેમજ બનાવ સ્થળે આરોપીની હાજરી હોવાનું નિઃશંક અને નિર્ણાયક રીતે પુરવાર થયેલ હોવાનું માનવામા આવે છે.

(૨૮) આરોપીના વકીલશ્રીની એક દલીલ એવી પણ છે કે, આંક–૫૮ થી રજૂ આરોપીની અટક, કપડા તેમજ છરી કબ્જે લીધાના પંચનામાના પંચોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય, રીકવરી પંચનામુ કાયદા મુજબ પુરવાર થયેલ માની શકાય નહિં પરંતુ, આરોપીના વકીલશ્રીની આ દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણકે, પંચસાહેદો પરેશભાઈ રાઠોડ તેમજ નીતેશભાઈ ઝાલાએ પોતાની સોગંદપરની જુબાનીમાં આંક–૫૮ થી રજૂ પંચનામા માં તેમજ મુદ્દામાલ આર્ટીકલ ૭(જી) આરોપીના કપડા તેમજ મુદ્દામાલ આર્ટીકલ ૭(એચ) છરી સાથેની પંચ સ્લીપમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમા, ત.ક.અધિકારીશ્રી બળવંતભાઈ પી. સોનારાએ પોતાની જુબાનીમાં આંક ૫૮ વાળુ પંચનામુ બંને પંચોની હાજરીમાં તેઓએ જોયા જણાવ્યા લખાવ્યા મુજબ કરેલ હોવાનો તેમજ મુદ્દામાલ આર્ટીકલ ૭(જી) આરોપીના કપડા તેમજ મુદ્દામાલ આર્ટીકલ છરી આરોપીએ બનાવ સમયે ઉપયોગમા લીધેલ હતી અને તેમની રૂબરૂ કબજે

થયેલ હતી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ કોર્ટ રૂબરૂ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. વધુમા, ફરિયાદીએ પણ મુદ્દામાલ છરી તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે. મેડીકલ પુરાવાથી, સાયન્ટીફીક પુરાવાથી અને ઈજા પામનારના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ છે ત્યારે પંચોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેમ છતાં ફરિયાદ પક્ષના કેસને તેનાથી કોઇ વીપરીત અસર પડતી નથી.

(૨૯) ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ સમયે ફરિયાદી સાથે તેમના મિત્ર મહેશભાઇ હાજર હતા પરંતુ, સાહેદ નં.૯ મહેશભાઇ કુમારખાણીયાએ પોતાની આંક–૬૪ ની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય, ફરી ગયેલ જાહેર થયેલ છે અને સરકાર તરફે તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

જેથી આરોપીના વકીલશ્રીની એવી દલીલ છે કે, બનાવ નજરે જોનાર મહેશભાઈએ બનાવ હકીકતને સમર્થન કરેલ ન હોય તેમજ કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ ન હોય, ફરિયાદીના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખી, બનાવ સમયે અને સ્થળે આરોપીએ, જુવેનાઇલ સાથે આવી, ફરિયાદી સાથે ગાળાગાળી કરી, છરી વડે ઈજા કરેલ હોવાનું પુરવાર થયેલ માની શકાય નહિ પરંતુ, તેઓની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણકે,

– ઈજા પામનારે, બનાવના દિવસે જ બનાવના થોડા કલાકો બાદ આરોપી અને જુવેનાઇલ વિરૂદ્ધ નામજોગ ફરિયાદ આપેલ છે.
– ઈજા પામનારે કોર્ટ રૂબરૂ આરોપીને ખરી રીતે ઓળખી બતાવેલ છે.
– ઈજા પામનારે મુદ્દામાલ છરી વડે આરોપીએ ઈજા કરેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવેલ છે અને ડોકટરશ્રીએ પણ પોતાની જુબાનીમાં મુદ્દામાલ છરી વડે ઈજા પામનારને થયેલ ઈજા થઈ શકે તેમ છે તેવુ જણાવેલ છે.
– ઈજા પામનારે પોતાની સોગંદપરની જુબાનીથી ફરિયાદ હકીકતને સમર્થન કરેલ છે અને ફરિયાદીના પુરાવાને ડોકટરના પુરાવાથી, મેડીકલ સર્ટીફીકેટથી, સાયન્ટીફીક ઓફીસરના પુરાવાથી તેમજ એફ.એસ.એલ. રીપોર્ટથી સમર્થન પ્રાપ્ત થયેલ છે. આરોપી અને જુવેનાઇલની બનાવ સ્થળે હાજરી પણ

પ્રસ્થાપિત થયેલ છે ત્યારે બનાવ નજરે જોનાર સાહેદ મહેશભાઈએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોવા માત્રથી આવો કોઈ બનાવ બનેલ જ નથી તેવુ માની શકાય તેમ નથી. જેથી આરોપીના વકીલશ્રીની ઉપરોકત દલીલ પણ ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટે, **મનજીતસિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ(૨૦૧૮(૮) એસસીસી ૫૨૯ )** ના ચુકાદામાં નીચે મુજબ અવલોકન કરેલ છેઃ

> *"13.2. Likewise, the submission about want of independent witnesses in support of prosecution case is also baseless. There is no rule that in every criminal case, the testimony of an injured eye-witness needs corroboration from the so-called independent witness(es). When the statement of injured eye-witness is found trustworthy and reliable, the conviction on that basis could always be recorded, of course, having regard to all the facts and surrounding factors. In the present case, the reliable evidence of the injured eye-witnesses cannot be discarded merely for the reason that no independent witness was examined."*

વધુમા, નામદાર સુપ્રિમ કોર્ટે, **અદાલત યાદવ વિ.ધ સ્ટેટ ઓફ બીહાર (ક્રીમીનલ અપીલ નં.૧૭૮૮–૧૭૮૯/૨૦૧૯)**ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> *"12. One additional point raised was the absence of any of the villagers to give statements about the incident, i.e., the lack of independent witnesses. It is well settled that the same does not compromise the case of the prosecution. In this case particularly the Court cannot lose sight of societal realities where, allegedly at the command of an ill-reputed person, witness in his trial had been gunned down. Hesitation on the part of the common person is but natural, not wanting to be entangled, in what was clearly unpleasant and thorny business."*

(૩૦) વધુમા, આરોપીના વકીલશ્રીની એક દલીલ એવી પણ છે કે, મુદ્દામાલ છરી

ઉપર લોહીના નિશાન મળી આવેલ નથી પરંતુ, બનાવ તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ રાત્રીના ૯–૩૦ વાગ્યે બનેલ છે જયારે મુદામાલ છરી કબ્જે લીધાનું પંચનામુ તા.૦૮/૦૬/૨૦૧૮ ના સાંજના ૫–૩૦ વાગ્યે થયેલ છે અને આરોપીએ પો.સ્ટે.માં આવી મુદામાલ રજૂ કરેલ છે, જેથી આરોપીએ પોતાને ઉપરોકત આરોપમાંથી બચાવવા માટે છરી પર થી લોહીના ડાઘાને દુર કરી નાખેલ હોવાની શકયતા નકારી શકાય તેમ નથી, જેથી  મુદામાલ છરી ઉપર લોહીના નિશાન  મળી આવેલ ન હોય તેટલા માત્રથી ફરિયાદ પક્ષના કેસને કોઇ વીપરીત અસર પહોંચતી નથી.

(૩૧) આરોપીના વકીલશ્રીની દલીલ છે કે, ચાર્જશ્રીમ મુજબ ગુનો કરવા માટેનું મોટીવ છે પરંતુ, ફરિયાદીએ પોતાની જુબાનીમાં તે અંગે કોઇ હકીકત જણાવેલ નથી તેથી ગુનાનો મોટીવ પુરવાર થતો નથી. એ હકીકત સાચી છે કે, ફરિયાદીએ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીએ ફરિયાદીને કયા કારણોસર ઇજા કરેલ તે અંગે કાઇં જણાવેલ નથી પરંતુ,  જયારે બનાવનું સ્થળ, સમય, આરોપીઓની અને ફરિયાદીની બનાવ સ્થળે હાજરી પ્રસ્થાપિત થયેલ છે તેમજ ફરિયાદીના પુરાવાને મેડીકલ પુરાવાથી, સાયન્ટીફીક ઓફીસરના પુરાવાથી, એફ.એસ. એલ.ના પુરાવાથી તેમજ પોલીસ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ છે ત્યારે એકમાત્ર મોટીવ પુરવાર થયેલ ન હોય તેટલા માત્રથી આવો કોઇ બનાવ બનેલ જ નથી તેવા નિર્ણય ઉપર આવી શકાય નહિ. વધુમા, "ક્રીમીનલ લો" નો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, મોટીવ પુરવાર થવો આવશ્યક નથી તે તેમજ ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતા, આરોપીના વકીલશ્રીની ઉપરોકત દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૩૨) આરોપીના વકીલશ્રીની એક દલીલ એવી છે કે, ફરિયાદી દારૂ પીવાની ટેવવાળા હતા અને બનાવ સમયે દારૂ પીધેલ હાલતમાં હોય, હાલની ખોટી ફરિયાદ આપેલ છે પરંતુ, ત.ક.અ.એ પોતાની જુબાનીમાં  એવો પુરાવો આપેલ છે કે, તેઓએ આંક ૧૫ વાળી ફરીયાદ લીધેલ ત્યારે ફરીયાદી સંપુર્ણ સભાન અવસ્થામા અને  દારૂ પીધેલી સ્થિતિમાં ન હતા. વધુમા ડોકટરે પણ ફરિયાદીને તપાસી સર્ટીફીકેટ આપેલ છે, જેમા આરોપીએ દારૂ પીધેલ હોવાની

નોંધ કરવામા આવેલ નથી. જેથી આરોપીના વકીલશ્રીની આ દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૩૩) ઉપરોકત કરેલ ચર્ચાના આધારે એ પુરવાર થાય છે કે, તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ આરોપીએ, જુવેનાઇલ સાથે મળી ઈજા પામનારને છરી વડે જમણી બાજુ પડખાના ભાગે એક ઈજા કરેલ હતી પરંતુ, આરોપીનું ઉપરોકત કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૭ ની વ્યાખ્યામા પડે છે કે કેમ તે નકકી કરવુ આવશ્યક બને છે. ઈ.પી.કોડની કલમ–૩૦૭ ના આવશ્યક તત્વો ધ્યાને લઈએ તો, આરોપી ધ્વારા જે કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહિત જ્ઞાન સાથે કર્યુ હોય અને આવા કૃત્યના કારણે કોઈને ઈજા થઈ હોય ત્યારે ઈ. પી. કોડની કલમ–૩૦૭ ના બીજા ભાગમાં તે પડે. કુદરતના સામાન્ય ક્રમમાં જો મૃત્યુ નિપજયુ હોય તો —જે ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી ગણાત તેવી ઈજા થવા પામી હોત તે પુરતુ નથી, પરંતુ મહત્વની બાબત એવી ઈજા પહોંચાડવાનો ઈરાદો હતો કે કેમ તે છે પરંતુ, મૃત્યુ નિપજાવવા માટે ઈરાદો અથવા કલમ–૩૦૦ મુજબનુ ગુનાહિત જ્ઞાન હોય અને તે અનુસંધાને કૃત્ય કરવામાં આવે ત્યારે સામાન્ય ઈજા થાય અથવા કશીક ઈજા ન થાય તો પણ આવું કૃત્ય ઈ.પી.કોડની કલમ–૩૦૭ ના પ્રથમ ભાગના વ્યાપમાં આવે. આમ, ઈ.પી.કોડની કલમ–૩૦૭ નો ગુનો પુરવાર કરવા માટે તે આવશ્યક નથી કે, મૃત્યુ નિપજે તેવી ઈજા થઈ હતી પરંતુ મૃત્યુ નિપજાવવાનો ઈરાદો હોય અને તે અનુસંધાને કૃત્ય કરવામાં આવેલ હોય તો તેને આ કલમના વ્યાપમાં આવરી શકાય.

આ આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે, નીચે મુજબના ચુકાદાઓમાં કરેલ અવલોકન ધ્યાને લેવામા આવે તો,

**રોશનલાલ વિ. ધ સ્ટેટ ઓફ હરીયાણા( ૨૦૨૬ આઈએનએસસી પેજ નં.૨૪)** માં એવુ ઠરાવેલ છે કે,

*"31. The words 'such intention' found in Section 307 IPC, refer to the intention referred to in Section 300 IPC. It means: (i) intention to cause death; (ii) intention to cause such bodily injury, which the offender knows is likely to cause death; (iii) intention to cause such*

*bodily injury, which is sufficient in the ordinary course of nature to cause death.*

*The essential ingredient of the offence of attempt to murder is the intention to cause death. Such intention exists prior to the actual attempt and must be established independently of the act itself or the actus reus. Once the requisite intention to commit murder is proved, the eventual outcome of the attempt becomes irrelevant, unless the attempt culminates in death, in which case the offence would fall within Section 300 IPC. In the absence of proof of intention, a conviction under this provision cannot be sustained.*

*32. Intention, however, can be inferred from surrounding circumstances, such as the type of weapon employed, the words spoken by the accused at the time of the incident, the motive behind the act, the parts of the body targeted, the nature and extent of the injuries inflicted, as well as the force and manner in which the blows were delivered."*

જયારે **બીપીન બીહારી વિ.સ્ટેટ ઓફ એમ.પી. ((૨૦૦૬)૮, એસસીસી ૭૯૯** માં એવુ ઠરાવેલ છે કે**,**

*"9. It is sufficient to justify a conviction under Section 307 if there is present an intent coupled with some overt act in execution thereof. It is not essential that bodily injury capable of causing death should have been inflicted. Although the nature of injury actually caused may often give considerable assistance in coming to a finding as to the intention of the accused, such intention may also be deduced from other circumstances, and may even, in some cases, be ascertained without any reference at all to actual wounds. The section makes a distinction between the*

*act of the accused and its result, if any. The court has to see whether the act, irrespective of its result, was done with me intention or knowledge and under circumstances mentioned in the section. An attempt in order to be criminal need not be the penultimate act. It is sufficient in law, if there is present an intent coupled with some overt act in execution thereof*"

(૩૪) આમ, ઈ.પી.કો. કલમ–૩૦૭ ના આવશ્યક તત્વો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત ચુકાદામા કરેલ અવલોકનો સાથે, ફરિયાદી/ઈજા પામનારનો પુરાવો જોવામા આવે તો સ્પષ્ટ થાય છે કે, તેઓ બનાવ સ્થળે પોતાના મિત્ર મહેશભાઇ સાથે બેઠેલ હતા ત્યારે આરોપી સન્રી અને બાઠીયો(જુવેનાઇલ) તેમની પાસે આવેલ અને તેમની સાથે ગાળા ગાળી કરવા લાગેલ. જેથી તેમણે આરોપીને ગાળો આપવાની ના પાડેલ અને કહેલ કે, "અહિંથી જતો રહે નહિતર તારા ભાઇને કહી દઈશ". આમ, ફરિયાદી અને આરોપી વચ્ચેના આ વાર્તાલાપને ઘ્યાને લેતા, આરોપી પહેલાથી ઈજા પામનારને ઓળખતા હતા તેવુ પ્રસ્થાપિત થાય છે તેમજ ફરિયાદીએ આરોપીને ત્યાંથી જશે નહિ તો તે તેના ભાઇને ફરિયાદ કરશે તેવુ કહેતા, આરોપી અને જુવેનાઇલ તેમની સાથે જપા જપી કરવા લાગેલ. જેથી આરોપીએ, ફરિયાદીને છરી વડે પડખામા ઘા મારેલો. આમ, આરોપી અને ફરિયાદી વચ્ચે જપા જપી થયેલ, જેથી આરોપીએ ફરિયાદીને છરી વડે તેમના જમણા પડખાના ભાગે એક ઘા મારેલ છે, આરોપીએ રીપીટેડલી એટલે કે વારંવાર ઘા મારેલ નથી તેમજ શરીરના મર્મ ભાગમાં પણ ઘા મારેલ નથી. જેથી આરોપીનો ઈરાદો ફરિયાદીને મારી નાખવાનો જણાઇ આવતો નથી.

(૩૫) વધુમા, ઈજા પામનારની સારવાર કરનાર ડો.હર્ષદભાઇ અમૃતલાલ દુસરાનો આંક–૩૫ થી રજૂ પુરાવો જોવામા આવે તો, તેમણે ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૩૬ થી રજૂ કરેલ છે અને તે મુજબ પુરાવો આપેલ છે. સદર

મેડીકલ સર્ટીફીકેટમાં ઈજા પામનારને નીચે મુજબની ઈજા થયેલાનું દર્શાવેલ છેઃ

"A stab wound of 3.5 x 2 x 5 c.m. present over the right side of the back, placed over mid scapular line approx 8–00 c.m. away from the midline & 4 c.m. away from the posterior axillary line over the dorsal resign placed horizontally with sharp edges & clean margins with subcutaneous emphysema."

(૩૬) આમ, ઈજા પામનારની જુબાની, ડોકટરની જુબાની તેમજ ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ જોવામાં આવે તો, આરોપીએ ઈજા પામનારને માત્ર એક જ ઈજા પડખાના ભાગે કરેલ છે, જેને શરીરનો વાઈટલ પાર્ટ ગણી શકાય નહિ. વધુમાં ડોકટરના પુરાવા મુજબ ઈજા પામનારને તા.૭/૬/૨૦૧૮ ના રોજ તેઓની હોસ્પિટલમાં દાખલ કરવામા આવેલ અને તા.૧૨/૬/૨૦૧૮ ના રોજ ડીસ્ચાર્જ કરી દેવામા આવેલ છે તેમજ દર્દીનો રીકવરી પીરીયડ બે થી ત્રણ અઠવાડીયાનો જણાવેલ છે.

(૩૭) એ હકીકત છે કે, આ પ્રકારના ગુનામાં સાદી ઈજા કરવામા આવેલ હોય તો પણ ઈ.પી.કો.કલમ–૩૦૭ મુજબનો ગુનો બની શકે પરંતુ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીનો, ફરિયાદીને મારી નાખવાનો ગુનાહિત ઈરાદો જણાઈ આવેલ નથી તેમજ ઈજા પામનારને થયેલ ઈજા વાઈટલ પાર્ટ ઉપરની પણ નથી. જેથી ઈ.પી.કો. કલમ–૩૦૭ ના આવશ્યક તત્વો પરીપૂર્ણ થતા જણાઈ આવતા નથી. વધુમા, મેડીકલ ઓફીસરનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં, ઈજા પામનારને થયેલ ઈજા ગંભીર છે કે સાદી ઈજા છે કે પ્રાણઘાતક છે તેવું કયાંય સ્પષ્ટ કરેલ નથી. જેથી ઈ.પી.કો. કલમ–૩૨૦ ના આવશ્યક તત્વો ઘ્યાને લેવા જરૂરી છે, જે તત્વો તેમજ મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો એકસાથે ઘ્યાને લેતાં, ઈ.પી.કો. કલમ–૩૨૦ મા દર્શાવેલ આઠ ખંડ પૈકી એકેય ખંડ આકર્ષિત થતા નથી તેમજ ઈજા પામનાર માત્ર છ દિવસ હોસ્પિટલમાં દાખલ રહેલ છે, તેઓનો રીકવરી પીરીયડ બે થી ત્રણ અઠવાડીયાનો છે તેમજ તેઓને

૨૦ દિવસ સુધી સખત શારિરીક પીડા ભોગવવી પડેલ હોય કે તેઓ રોજબરોજનું પોતાનું કામકાજ કરી શકે તેમ નહિ હોવાનું ફલિત થયેલ નથી.

(૩૮) આ તબકકે, ફરિયાદ પક્ષે રજૂ કરેલ ઉપરોકત પુરાવાની ચર્ચા તેમજ ઇ.પી.કો. કલમ–૩૨૪ ના આવશ્યક તત્વોને ધ્યાને લેતાં, આરોપીએ, જુવેનાઇલ સાથે મળી ઇજા પામનારને ગાળા ગાળી કરી, તેઓ સાથે જપાજપી કરી, તેઓને જીવલેણ હથિયાર છરી વડે જમણા પડખામાં માત્ર એક જ સાદી ઇજા કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદ પક્ષનો આરોપી વિરૂદ્ધનો કેસ ઇ.પી.કો.કલમ–૩૦૭ માં નહિ પરંતુ, ઇ.પી.કો. કલમ–૩૨૪ માં પડે છે. જેથી આરોપીએ ઇ.પી.કો.કલમ–૩૨૪ મુજબનો ગુનો કરેલ હોવાનું માનવામા આવે છે.

ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૨૨ ની પેટા કલમ ૧ અને ૨ મુજબ આરોપી સામે જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ હોય તેનાથી ઓછો ગંભીર ગુનો સાબિત થાય ત્યારે તેવા નાના ગુનાનું તહોમત મુકવામાં આવેલ નહિ હોવા છતાં તે સાબિત થયેલ ગુના માટે આરોપીને દોષિત ઠરાવી શકાય છે. હાલના કેસમાં આરોપી સામે ઇ.પી.કો.ક.૩૦૭ નું તહોમત મુકવામાં આવેલ છે પરંતુ સમગ્રપણે ઉપર કરવામાં આવેલ ચર્ચા મુજબ આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૦૭ ના બદલે સદર કાયદાની કલમ– ૩૨૪ મુજબનો ગુનો પુરવાર થતો હોય, **જેથી આરોપીને ઇ.પી.કો. કલમ–૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪ ના બદલે ઇ.પી.કો.કલમ–૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુના હેઠળ દોષિત ઠરાવવામાં આવે છે.**

(૩૯) આરોપી સામે જુવેનાઇલ સાથે એકસંપ કરી ફરિયાદીને ઢીકા પાટુનો માર મારી ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનું તહોમત પણ મુકવામા આવેલ છે પરંતુ, ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આરોપીએ તેઓને ફકત એક જ ઇજા પડખાના ભાગે કરેલ છે, ઢીકાપાટુનો માર મારેલ હોય તેવુ જણાવેલ નથી. વધુમાં, ડોકટરના પુરાવા મુજબ પણ ઇજા પામનારને માત્ર એક જ ઇજા જમણી સાઇડના પડખાના ભાગે થયેલ છે, જેથી આરોપીએ, જુવેનાઇલ સાથે એકસંપ કરી, ઇ.પી.કો. કલમ–૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો

કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ ન હોય, આરોપીને ઇ.પી.કો.કલમ–૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે, **જેથી મુદા નં.૧ નો જવાબ તે મુજબ "અંશતઃ હકારમાં, અંશતઃ નકારમાં" આપવામા આવે છે.**

**મુદા નં.૨ઃ–**

(૪૦) આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનું તહોમત ફરમાવવામાં આવેલ છે. જયાં સુધી આ મુદાને લાગે વળગે છે ત્યાં સુધી ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેવામા આવે તો, આરોપીએ તેમને ગાળાગાળી કરેલી તેટલુ જ જણાવેલ છે. આરોપીએ તેઓને શું ગાળ આપેલી તે અંગે સ્પષ્ટ પુરાવો આપેલ નથી.

ઇ.પી.કો. કલમ ૫૦૪ જોવામાં આવે તો, ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે તેવા ઇરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઇ વ્યક્તિ, ઇરાદાપૂર્વક બીજી કોઇ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તો જ કલમ–૫૦૪ મુજબનો ગુનો બને.

આ હકીકત અનુસંધાને નામદાર ગુજરાત હાઇકોર્ટે, **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૦૭ ક્રી.લો.જ. (એનઓસી) ૩૮૬ (ગુજરાત))** ના કેસમાં આપેલ ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

> *"...that actual words used by accused not coming on record unless they come on record, it is not possible to hold that the offence is committed. The insult as envisaged in Section 504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence. The Hon'ble Himachal Pradesh High Court has also taken the same view in the case of Prem Pal Singh*

*and others V/s. Mohanlal reported in 1981, Cri. L. J., Pg–1208 wherein it is held that in the incident case, though the language of the charges silent with regard to intentional insult alleged to have been committed by the petitioner, the allegation in the complaint suggest that such Act was in the use of abusive language by the petitioner, in order to appreciate whether the language used by the petitioner would amount to an intentional insult so caused to give the provocation, as mentioned above, it was necessary to know what were the abusive words alleged to have been used by the petitioner. In the absence of actual words alleged to have been used, it is not possible to conclude if those words at all amount to intentional insult, such intention or knowledge on the part of the petitioner as contemplated by the language of Section 504 of the Indian Penal Code (I.P.C.). If for some reason, it was not possible to reproduce the exact words used constituting the insult, the gist there of must have been stated, it may be remarked that the term abusive language has very wide amplitude and the words used within the ambit of this term cannot always amount to insult. On the basis of mere allegation that the petitioner used abusive language, no charge of Section 504 of the Indian Penal Code (I.P.C.) to be framed against the petitioner and this charge cannot also be sustained. Therefore, considering the ration laid down by the Hon'ble High Court and considering the allegations of the complainant, in the present case, the prosecution has not made out the case to convict the accused under the*

*provision of Section 504 of the Indian Penal Code (I.P.C.)."*

આમ, નામદાર ગુજરાત હાઇકોર્ટે ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા, તેમજ ફરિયાદી/ઇજા પામનારનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા, આરોપીએ ચોકકસ શું ગાળ આપેલ તે તેમણે જણાવેલ નથી. જેથી આરોપી શું ગાળો બોલેલા તેવું રેકર્ડ ઉપર આવે નહીં ત્યાં સુધી આ શબ્દો બોલવાથી સુલેહ શાંતિનો ભંગ થઇ શકે તેમ હતો કે કેમ? અથવા તો, ફરિયાદ પક્ષના સાહેદોને આવા શબ્દો બોલી અપમાન કરી ઉશ્કેરવાનો આરોપીનો ઈરાદો હતો કે કેમ? તેવું નકકી કરી શકાય નહી. આ સંજોગોમાં, આરોપીએ, જુવેનાઇલ સાથે એકસંપ કરી ઇ. પી. કોડ કલમ–૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનું નિઃશંકપણે સાબિત થતુ ન હોય, **મુદા નં.૨** નો નિર્ણય **"નકારમા"** આપવામા આવે છે.

**મુદા નં.૩ઃ–**

(૪૧) આ કામે આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) નો ભંગ કરી, તે કાયદાની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનું તહોમત મુકવામા આવેલ છે પરંતુ, આ કલમ અનુસંધાને ફરીયાદ પક્ષે કોઇ સાહેદને તપાસેલ નથી. એટલુ જ નહિ પરંતુ, હથિયાર બંધીનું જાહેરનામુ પણ આંકે પડાવેલ નથી. આમ, બનાવ સમયે હથિયાર બંધીનું જાહેરનામુ અમલમા હતુ કે કેમ તે જ હકીકત પુરવાર થયેલ ન હોય, આવા જાહેરનામાનો આરોપીએ ભંગ કરેલ હોવાનું ફરીયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ હોવાનું માની શકાય નહિ. તેથી વિશેષ ચર્ચા નહિ કરતા **મુદા નં.૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવેલ છે.

(૪૨) આમ, ઉપરોકત તમામ હકીકતો જોતાં, ફરીયાદ પક્ષ આરોપી સન્ની રમેશભાઇ પવાર વિરૂધ્ધ ઈ.પી.કો.ક.૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો ગુનો નિઃશંકપણે સાબિત કરી શકેલ હોય, આરોપીને સદરહુ ગુનામાં દોષીત ઠરાવવામાં આવે છે, જયારે આરોપીને ઇ.પી. કોડ કલમ–૩૨૩, ૫૦૪ સાથે

વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવવામાં આવે છે. તદનુસાર મુદૃા નં. ૪ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

# હુ ક મ

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આરોપી **સન્ની રમેશભાઇ પવાર ને, રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુ.ર.નં.૬૬/૨૦૧૮ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે સદર આરોપી ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે, **ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોક્ત સમગ્ર ચર્ચાને અંતે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો સાબિત થયેલ હોઇ, તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ કરવામા આવે છે અને તેઓને જયુડીશ્યલ કસ્ટડીમા લેવામા આવે છે.

(૪) આરોપીને, સજા ફરમાવતા પહેલા ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) અન્વયે સાંભળવા જરૂરી હોય, સદર કામ આરોપીને તેઓના વકીલ સાથે હાજર રખાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ તા.**૩૧મી જુલાઇ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧ /૦૭/૨૦૨૬
રાજકોટ.

**(શ્રીમતિ પ્રિયંકા આગ્રવાલ)**
૫મા એડીશ્નલ સેશન્સ જજ
રાજકોટ
કોડ નં.જીજે૦૧૫૯૭

**<u>સજા અંગે સાંભળ્યા બાદનો હુકમઃ—</u>**

(૪૩) આજરોજ બંને પક્ષકારોની સમંતિથી સજા બાબતે સુનાવણી કરવામા આવેલ છે. સજા બાબતે બંને પક્ષકારોને સાંભળ્યા.

(૪૪) દોષિતના વિ.વ.શ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, દોષિત યુવાનવયના છે. તેઓ ઉપર પત્નિ અને નાના બાળકોના ભરણપોષણની જવાબદારી છે. ગરીબવર્ગના છે. ઓચીંતા ઉશ્કેરાટમાં બનાવ બનેલ છે. ઇ. પી. કો. કલમ—૩૨૪ માં ત્રણ વર્ષની મુદત સુધીની કેદની સજાની જોગવાઇ છે. જેથી ક્રી.પ્રો. કોડ કલમ—૩૬૦ ની જોગવાઇને ધ્યાને લઇ તેઓને પ્રોબેશનનો લાભ આપવા જણાવેલ છે.

(૪૫) જયારે વિદ્ધાન એ.પી.પી.શ્રી પી.એન. શાહે સજા બાબતે રજુઆત કરતા જણાવેલ છે કે, દોષિતે, ઈજા પામનારને શરીરના જમણા પડખામા છરી વડે ઈજા કરી વ્યથા કરેલ હોવાનું પુરવાર થયેલ છે. ઈજા પામનારને છ દિવસ સુધી હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થઇ સારવાર કરાવવી પડેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ આંક—૯૦ થી દોષિત સામે જુદા જુદા પો.સ્ટે.માં નોંધાયેલ ગુનાનું લીસ્ટ રજૂ કરેલ છે. જેથી દોષિતનો ગુનાહિત ઈતિહાસ હોય, તેઓને પ્રોબેશનનો લાભ આપવો જોઇએ નહિ અને કાયદામાં નિર્દિષ્ટ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૪૬) બંને પક્ષકારોના વકીલશ્રીઓની રજુઆતો સાંભળી. શિક્ષા તથા દંડ એ હંમેશા ભયોત્યાદક હોય તથા દંડવિધાનનો ઉદેશ અપરાધીક માનસીકતા વાળા લોકો માટે એક દ્રષ્ટાંત ઉપલબ્ધ કરાવી દોષિત જેવી જ માનસીકતા ધરાવતા બીજા નાગરીકોને ચેતવણી આપવાનો છે. શિક્ષાનું પ્રમાણ અપરાધની માત્રા પર આધારિત છે. જેમ અપરાધ કરવાની આરોપીનુ વૃત્તી વધુ પ્રબળ તેમ શિક્ષાનું પ્રમાણ પણ વધારે કઠોર હોય તે આવશ્યક છે.

(૪૭) દોષિત વિરુધ્ધ આઈ.પી.સી.ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આઈ.પી.સી. ની કલમ ૩૨૪ માં દોષિતને ત્રણ વર્ષ સુધીની બે માથી કોઇપણ પ્રકારની કેદની સજા અથવા દંડની સજા અથવા બંને શિક્ષાની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૪૮) વિ.એ.પી.પી.શ્રીએ રજૂ કરેલ દોષિત સામે નોંધાયેલ અન્ય ગુનાઓનું પત્રક ધ્યાને લેતાં, તેઓ સામે અન્ય ગુનાઓ નોંધાયેલ છે અર્થાત તેમનો ગુનાહિત ઈતિહાસ છે, આ તેઓનો પ્રથમ ગુનો નથી, જેથી તેઓને પ્રોબેશનનો લાભ આપી શકાય તેમ નથી. સમગ્રપણે, દોષિતને જો નીચે મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સિધ્ધ થાય તેમ જણાય છે. જેથી **મુદા નં.૪** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) તકસીરવાન ઠરાવવામા આવેલ દોષિત **સન્ની રમેશભાઈ પવારને, રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુ.ર.નં.૬૬/૨૦૧૮ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના શિક્ષા પાત્ર ગુનામાં **૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા** તથા દોષિતને **રૂા. ૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો દોષિત દંડની રકમ ન ભરે તો વધુ **૬(છ) માસ**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૮ મુજબ, દોષિતે કાચા કામના કેદી તરીકે ભોગવેલ સમય મજરે આપવો.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ મુજબ, આ ચુકાદાની નકલ દોષિતને વિના મુલ્યે તુરંત પુરી પાડવી.

(૪) દોષિતને ફરમાવેલ સજાના હુકમની અમલવારી સારૂ નિયમાનુસાર જેલ વોરંટ ભરી દોષિતને મધ્યસ્થ જેલ રાજકોટ તરફ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૫) આ કેસના અનુસંધાને કબજે કરવામાં આવેલ બીનકિમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૬) ક્રી. પ્રો. કોડ કલમ–૩૫૭(૧) અન્વયે દોષિતે જમા કરાવેલ દંડની રકમ રૂ.૨૫,૦૦૦/– ઈજા પામનારને ચુકવવી ન્યાયોચીત જણાય છે પરંતુ, કેસનું રેકર્ડ ધ્યાને લેતા, ફરિયાદીનું મૃત્યુ થઇ ગયેલ છે. જોકે, તેના મરણ પ્રમાણપત્રની નકલ આ કામે રજૂ થયેલ નથી પરંતુ, ત.ક.અધિકારીએ તેઓના પરીવાર અંગે ખરાઇ કરી, તે અંગેનો રીપોર્ટ કરવો. જો ફરિયાદીનું મૃત્યુ થઇ ગયેલ હોવાનું જાહેર થાય તો, તેના પરીવારના સભ્યો ક્રી. પ્રો. કો.કલમ–૨(ડબલ્યુ)એ મુજબ ઈજા પામનાર/ભોગ બનનાર ગણાશે અને તેઓ દોષિતે જમા કરાવેલ દંડની રકમ રૂ.૨૫,૦૦૦/– વળતર તરીકે મેળવવા હકકદાર ઠરશે.

(૭) આ હુકમની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રાજકોટને તથા સંબંધિત પો.સ્ટે.ના ત.ક.અધિકારીને મોકલી આપવી.

હુકમ, આજ **તા.૩૧મી જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા. ૩૧/૦૭/૨૦૨૬
રાજકોટ.

**(શ્રીમતિ પ્રિયંકા આગ્રવાલ)**
૫મા એડીશ્નલ સેશન્સ જજ
રાજકોટ
કોડ નં.જીજે૦૧૫૯૭